

# સનાતન સારથિ ગુજરાતી

ફેબ્રુઆરી-૨૦૨૨

વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦.૦૦
છુટક અંક ની કિંમત રૂ. ૧૦.૦૦



There was no one to know who I am
till I created this world at My pleasure
with one word. Immediately mankind rose up,
immediately rivers started running, earth below
and sky above the head, oceans, seas, lands and
watersheds, sun, moon and desert sands sprang
up from nowhere to prove My existence.
Came all forms of human beings, mankind,
beasts and birds flying, speaking, hearing,
and all powers were bestowed upon them
under My orders. The first place was granted
to mankind and My knowledge was placed
in (his) mind.

Come one come all, let us not be called
ungrateful. Let us faithfully serve (Sai)
Him and Love Him, Love Him, Love Him.

With Blessings
Sri Sathya Sai
Baba

# સ્વામી નો પત્ર

મેં સમગ્ર વિશ્વનું નિર્માણ એક જ ઈશારે-મારા એક જ શબ્દે કર્યું ત્યાં સુધી મારી ઓળખ, મારા વિશેનું જ્ઞાન કોઈને પણ ન હતું. પળવારમાં જ પર્વતો ઉભરી આવ્યા, ક્ષણવારમાં નદીઓ વહેવા માંડી, નીચે ધરતી ઉપર ગગન વિશાળ, મહાસાગરો, સમુદ્રો, જમીન, પાણીના વહેળા, સૂર્ય, ચંદ્ર રેતના રણો, મારા અસ્તિત્વ, મારી શક્તિનું દર્શન કરાવતા શૂન્યમાંથી એકાએક જ આકાર પામ્યા; સર્વવિશેષ પ્રાધાન્ય માનવજાતને પ્રાપ્ત થયું-માનવ મનમાં મારું સર્વ પ્રબુદ્ધજ્ઞાન પ્રદાન કર્યું.

સૌ સાથે મળીને આવો. આપણે અકૃતજ્ઞ ન બનીએ. સૌ (સાઈ) પ્રભુની હૃદયપૂર્વક સેવા કરીએ, સાઈ પ્રભુ પ્રત્યે અગાધ પ્રેમ વરસાવીએ, પ્રેમના હિંડોળે સાઈને ઝુલાવીએ.

શુભાશિષસાથે
શ્રી સત્ય સાઈ બાબા

# સનાતન સારથિ

**સત્ય, ધર્મ, શાંતિ, પ્રેમ અને અહિંસા દ્વારા મનુષ્યોના નૈતિક અને આધ્યાત્મિક વિકાસ અર્થે સ્વામીનો સંદેશ પહોંચાડતું સામયિક**


**શ્રી સત્ય સાઇ ટ્રસ્ટ ગુજરાત વતી અને પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ, વડોદરા. ના સહયોગથી**

મુદ્રક, પ્રકાશક અને તંત્રી
**સતીશ એમ. બોકીલ**

**વર્ષ ૨૦૨૨ ■ અંક ૩૩૯/૧૪**

**લવાજમ :**
ભારતમાં વાર્ષિક : રૂા. ૧૦૦
પાંચ વર્ષ માટે : રૂા. ૫૦૦
પરદેશ (વાર્ષિક) : રૂા. ૧,૦૦૦

લવાજમ મનીઓર્ડરથી મોકલો અથવા પ્રશાંતિ ચેરીટિબલ ટ્રસ્ટ વડોદરાના નામનો ચેક/ડ્રાફ્ટ મોકલવો અથવા રકમ ખાતામાં ડાયરેક્ટ જમા કરાવો.
ઓન-લાઇન ટ્રાન્સફર માટેની વિગત:
ખાતાનું નામ : **પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ વડોદરા**
HDFC Bank
શાખા : દરબાર ચોકડી, માંજલપુર, વડોદરા.
ખાતા નં. : 50100368052762
IFSC Code : HDFC0004819
ડાયરેક્ટ જમા કરાવ્યા પછી કાર્યાલયને જાણ કરવી



**સનાતન સારથિ કાર્યાલય**
સતીશ એમ. બોકીલ
સાઇ આરોહ, એ-૫, કોમરેડસ્ કોલોની,
સાઇ ચોકડી પાસે, માંજલપુર,
વડોદરા - ૩૯૦ ૦૧૧. ગુજરાત, ભારત

**સંપર્ક માટે :**
બોકીલ - ૯૮૨૪૬૪૯૯૫૩
વિશાલ - ૯૯૨૫૯૨૩૩૦૬
સમય : સવારે અથવા રાત્રે ૯ થી ૧૦
Email : editor.ssguj@gmail.com
contact.ssguj@gmail.com



**અંકમાં છપાયેલ લેખોમાં રજૂ કરાયેલ વિચારો અને મંતવ્યો એ, જે તે લેખકોના પોતાના છે. તે માટે તંત્રી/પ્રકાશક કોઇ પણ રીતે જવાબદાર નથી.**
**– તંત્રી : સતીશ એમ. બોકીલ**



**સનાતન સારથિ દરમહિનાની ૨૦મી તારીખે રવાના કરાય છે આપને અંક ન મળે તો પોસ્ટ ઓફિસમાં તપાસ કરવી.**


## તમારા હૃદયમાં સત્યના બીજ વાવો



શાંતિ કેવી રીતે મેળવી શકાય? જ્યારે તમે તમારા હૃદયમાં સત્યનો છોડ વાવો અને શ્રદ્ધાના મૂળને ઊંડે સુધી લઈ જાઓ, ભગવાનના નામના સતત જપ રૂપી તેને પાણી પાવો ત્યારે શાંતિનું પુષ્પ ખીલશે કે જેને મુક્તિનું ફળ લાગેલું હશે. આથી, દરેક માણસે એના હૃદયમાં સત્યનું બીજ વાવવું જોઈએ. શ્રદ્ધારૂપી મૂળ જેટલું જમીનમાં ઊંડે જશે, તેટલું જીવનનું વૃક્ષ મજબુત થશે. આ ફૂલતા-ફાલતા વૃક્ષના વિકાસ માટે તમારે ભજન અને ઈશ્વર ચિંતનનું પાણી પાવુ જોઈએ. ત્યારેજ શાંતિનું પુષ્પ ખીલી ઉઠશે અને આમાંથી મુક્તિનું ફળ પામી શકશો.

- ભગવાન શ્રી સત્ય સાઈ બાબા

## અનુક્રમણિકા...


| પા.નં. | |
|---|---|
| ૫ | **સત્યમાં લીન થઈ ઐક્યતાનો અનુભવ કરો** <br> અવતાર વાણી |
| ૭ | **સમ્રાટ પરીક્ષિતનું રાજ-શાસન** <br> ભાગવત વાહિની - પ્રકરણ ૧૫ |
| ૧૧ | **સ્વામીની સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલની અજોડતા / અનન્યતા** <br> ડૉ. ગુરુમૂર્તિ |
| ૧૫ | **દિવ્ય માલિક સાથેની મંત્રમુગ્ધ કરનારી ક્ષણો** <br> રાણી સુબ્રમણ્યન્ |
| ૨૦ | **અમરત્વની પ્રાપ્તિ માટે ઉન્નત દ્રષ્ટિ** <br> અવતાર વાણી |
| ૨૩ | **ભગવાન શ્રી સત્ય સાઈ બાબા સાથેના અનુભવો** <br> જ્યોત્સના રેડ્ડી |
| ૨૬ | **દિવ્ય મહિમાનો પ્રભાવ – પ્રભુ પ્રત્યેની યાત્રા** <br> કરુણામ્બા રામમૂર્તિ (કન્નમ્મા) |
| ૨૮ | **દિવ્યતાના પ્રતિકો** <br> શ્રી સત્ય સાઈ સનાતન સંસ્કૃતિ ઈટર્નલ હેરીટેજ મ્યુઝીયમ |
| ૩૨ | **પ્રશાંતિ નિલયમ્ ખાતેની ઉજવણી** <br> એક અહેવાલ |


Official Websites:
1 Sri Sathya Sai Sadhna Trust (Publication Division): https://www.srisathyasaipublications.com
2 Sri Sathya Sai Sai Seva Organisations, India: https://www.sssoindia.org
3 Sri Sathya Sai Sai Seva Organisations, Gujarat: https://www.ssssogu.org
4 Sri Sathya Sai Balvikas: https://www.sssbalvikas.in

## તંત્રી સ્થાનેથી...

સનાતન સારથિના સૌ વાચક ભાઈ-બ્હેનોને જય સાઈરામ,

વર્ષ ૨૦૨૨ ની શરૂઆત થઈ ચૂકી છે. અને સનાતન સારથિના સંધાનથી આપણે સૌ જોડાયેલા છીએ.

માનવીમાં સત્પરિવર્તન લાવવા ભગવાન બે રીતે-બે સ્તરે કાર્ય કરે છે. કર્મ-લીલા અને શબ્દ-લીલા.

My life is my massge ના સંદેશા થકી ભગવાને એમના અવતાર કાળમાં અનેક બાબતો જાતે કરી બતાવી અને આપણે શું કરવું-કેવી રીતે કરવું-ક્યારે/કેટલું કરવું એ બાબતો પ્રેક્ટીકલી શીખવાડી. સામાન્ય જન/ભક્ત માટે એ રીતે સમજાવવું-શિખવાડવું એ સહેલી રીત છે. એ થઈ કર્મ-લીલા.

શબ્દ-લીલા એ બૌદ્ધિકોને શિખવવાની રીત છે. ભગવાનના દિવ્ય-પ્રવચનો એટલે વિશાળ અન્નકોટ. એમાંથી આપણને દર મહિને થોડુ થોડું પિરસાય છે સનાતન સારથિના અંકના માધ્યમથી અને આપણે તે ગ્રહણ કરીએ છીએ. સ્વામીની કર્મ-લીલા જેમને જોવા મળી, માણવા મળી, અનુભવવા મળી તે સાચે જ ભાગ્યશાળી ગણાય. હવે સ્વામી સ્થૂળ દેહે ભલે આપણી વચ્ચે નથી. પણ શબ્દ દેહે તો છે જ અને એ જ છે આ સનાતન સારથિ અંક.

આમ, કર્મ માર્ગ હોય કે જ્ઞાન માર્ગ હોય-એમાં ભક્તિ ભાવ તો હોવો જરૂરી જ છે. ભાવ વગર કોઈ પણ કર્મ કે જ્ઞાનસંપાદન અધુરૂ જ ગણાય.

આ સ્થાને વાચકોને કેટલીક બાબતો જણાવવાની કે....

૧. ગ્રાહકો આમ તો ઘટ્યા છે. રીન્યુઅલ જોઈએ તે પ્રમાણમાં થતા નથી. કોઈ ચિંતા નથી. ગ્રાહકો ઘટે પણ વાંચકો ન ઘટે એ ધ્યાન રાખવું અગત્યનું છે. એક અંક પાંચ જણા વાંચે એવો પ્રયત્ન કરીએ.

૨. આપના એડ્રેસના સ્ટીકર પર મહિનો/વર્ષ દાત. (FEB-2024) લખેલ હોય અથવા ENDS: 06/2022 લખેલ હોય તો તે વર્ષનો તે મહિને છેલ્લો અંક આપને મળશે તેમ સમજવું અને સમયસર લવાજમ રીન્યુ કરાવી લેવું.

૩. પાછલા વર્ષના અંકો કોઈને પણ/કોઈ સમિતિને વહેંચવા માટે જોઈતા હોય તો સ્ટોકની ઉપલબ્ધતાને આધારે એ અંકો અમે તેમને પ્રતિ અંક માત્ર રૂા.૫/-ના દરે મોકલી આપીશું. આપણા સંગઠનના મેડિકલ સેન્ટર્સ, નવા ભક્તોને આપવા, ભેટ આપવા, લાયબ્રેરીમાં આપવા માટે આનો ઉપયોગ થઈ શકે. અને સ્વામીનો સંદેશ પહોંચાડવાનું પૂણ્યકાર્ય-સેવા પણ થઈ શકે. (ટપાલ ખર્ચ સનાતન સારથિ ભોગવશે).

૪. સનાતન સારથિનું પ્રકાશન ખર્ચાળ છે. રૂા.૧૦૦/- માં લવાજમના ૧૨ અંકો આપવા એ કઠિન કામ છે. સ્વામીની કૃપાથી ચાલે છે એજ મોટો ચમત્કાર છે. કેટલાક ભક્તો લવાજમ ઉપરાંત ડોનેશન પણ સનાતન સારથિ માટે આપે છે તે ખરેખર ધન્યવાદને પાત્ર છે. એમનો અમે સાચેજ આભાર માનીએ છીએ.

૫. રાજ્ય પ્રમુખશ્રીએ ગોઠવેલ વ્યવસ્થાનુંસાર, અનુવાદકો અને ટાઈપીંગ કરનારા આપણા ભક્તોની સેવા એ સાચેજ સેવા છે. માનદ્ સેવા છે. નિઃસ્વાર્થ સેવા છે. અપેક્ષા વગરની સેવા છે. એમનો પણ આભાર અને એમને ધન્યવાદ પાઠવીએ છીએ.

૬. સનતાન સારથિ માટે અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અનુવાદ કરવાની સેવા તથા શ્રૃતિ ફોન્ટમાં ગુજરાતીમાં ટાઈપીંગ કરવાની ઓનલાઈન સેવા આપવા ઉત્સુક ભાઈ-બહેનોની જરૂરિયાત હોઈ, સેવા આપવા ઈચ્છુક ભાઈ-બહેનોને અમારો સંપર્ક કરવા વિનંતી જેથી કોઈ પણ અનિવાર્ય સંજોગોમાં પણ આપણી આ સેવા અવિરતપણે અને સમયસર કાર્યરત રહી શકે.

૭. ગુજરાત રાજ્યના જુદા જુદા જીલ્લામાં સાઈ પ્રવૃત્તિ ચાલે છે. તેમાં સૌ કોઈ જોડાઈ શકે છે. આ માટે જે તે જીલ્લાના જીલ્લા પ્રમુખશ્રીઓના નામ અને સંપર્ક નંબર, આ અંકમાં અન્યત્ર આપેલ છે. ભક્તો-વાચકો એમાં ભાગ લઈ શકે છે - સેવા આપી શકે છે - અથવા જે પ્રવૃત્તિ ચાલતી હોય તેનો લાભ જરૂરતમંદોને અપાવી શકે છે. સેવા-યજ્ઞમાં સૌ કોઈ પોતપોતાની ક્ષમતાનુંસાર આહુતિ આપે તો જ યજ્ઞ પ્રજ્વલિત રહી શકે.

૮. સનાતન સારથિ અંગે કોઈ પણ મુશ્કેલી હોય કે કોઈ સૂચન હોય તો તેઓ જણાવેલ સમય દરમ્યાન વિનાસંકોચે અમારો સંપર્ક કરી શકે છે.

બસ એજ સૌને જય સાઈરામ.

સાઈ સેવામાં..... સતીશ એમ બોકીલ
તંત્રી-સનાતન સારથિ (ગુજરાતી)

અવતાર વાણી

# સત્યમાં લીન થઈ ઐક્યતાનો અનુભવ કરો

**મનુષ્યમાં સર્વ શક્તિઓ નિહિત છે.**

મનુષ્યે પ્રાપ્ત કરવા જેવા જ્ઞાનના બે પ્રકારો છે. પ્રથમ છે સાંસારિક (ભૌતિક) અથવા લૌકિક-પાર્થિવ જ્ઞાન કે જે તેને વાંચવા-લખવામાં, નિત્ય ક્રિયાઓ આટોપવામાં, રોટલો રળવામાં અને તેની માનસિક, શારીરિક ઈંદ્રિયોના ઉપયોગ વડે જગતમાં જીવન જીવવા શક્તિમાન બનાવે છે. પરંતુ, આ તો ફક્ત સામાન્ય જ્ઞાન છે.

**તપ સાથે આધ્યાત્મિક જ્ઞાનનો સંયોગ કરો.**

વાસ્તવિક જ્ઞાન એ આત્મવિદ્યા અથવા આધ્યાત્મિક જ્ઞાન છે જે મનુષ્યને ઈંદ્રિયો અને મનથી પર જવા, તપ અને ત્યાગના ઉમદા ગુણો વિકસાવવા, ડહાપણ-જ્ઞાનનો વિસ્તાર કરવા અને સાચી શાંતિ અને સુખની પ્રાપ્તિ કરવા સામર્થ્યવાન બનાવે છે. શરીર અને ઈંદ્રિયોની જરૂરિયાતો પૂરી પાડનારું જ્ઞાન, મનુષ્યને સાચી શાંતિ અને સુખ આપી શકે તેમ નથી. મનુષ્યને માનવ દેહ નિ:સ્વાર્થ અને સત્કાર્યો કરવા માટે બક્ષવામાં આવ્યો છે. હકીકતમાં, મંગલકારી કાર્યો કરવા માટે મનુષ્યે તેના દેહનો ઉપયોગ કરવા ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવાની આવશ્યકતા છે જ નહીં. આધ્યાત્મિક જ્ઞાન જ એવું છે જે મનુષ્યને ઉમદા અને ઉત્કૃષ્ટ જીવન જીવવાભણી દોરી જઈ શકે તેમ છે. તેમ છતાંયે, આધ્યાત્મિક જ્ઞાનને તપ સાથે જોડવું જરૂરી છે. આધ્યાત્મિક જ્ઞાન અને તપ એ હકારાત્મક (ધન) અને નકારાત્મક (ઋણ)ભાર જેવા છે.

તેથી, મનુષ્યને પરિપૂર્ણ કરતું અને અર્થપૂર્ણ જીવન જીવવા બંન્ને સાંસારિક (ભૌતિક) અને અધ્યાત્મિક જ્ઞાનની જરૂર છે. બાહ્ય ભૌતિક શરીરનું રક્ષણ કરનારું કોઈ હોય તો તે આંતરિક સૂક્ષ્મ શરીર છે. તપનો અર્થ શું ? તપનો અર્થ એવો નથી કે પ્રાણાયામનો અભ્યાસ કરતાં અને ઉપવાસ કરતાં જંગલમાં એકાંતમાં રહેવું. આધુનિક મનુષ્યને માટે તે યોગ્ય નથી. પ્રાચીન સાધુ-સંતો-ઋષિઓ મજબૂત-સશક્ત-હતા અને ફળો તથા કંદ ઉપર જીવતા હતા. પરંતુ, આજકાલના મનુષ્યનું શરીર નિર્બલ છે. તેની આદતો બૂરી છે. તેથી તેને તેની દિવ્ય શક્તિનો ખ્યાલ છે જ નહીં. તપ આંતરિક ઈંદ્રિયોને શુદ્ધ કરે છે જે બાહ્ય અંગો, મન અને ચિત્તથી ભિન્ન છે. ચિત્ત એવું છે જે યાદ રાખે છે, પ્રશ્નો પૂછે છે, તપાસ કરે છે અને પુન:કથન કરે છે. હકીકત એ છે કે મનુષ્ય વિચારો અને વિરોધી વિચારોનું એક પોટલું છે.

બુદ્ધિ એ મનનું બીજું પાસું છે. માનવીની બુદ્ધિ પાસે વિવેકશક્તિ છે. મનુષ્યનો અહંકાર તેની બુદ્ધિમાંથી વિકસે છે અને વૃદ્ધિ પામે છે. દરેક જણ કહે છે 'હું'-તે અહંકારનું સૂચન કરે છે. મનુષ્યનાં અંતઃકરણમાં મન, બુદ્ધિ, મનમાંનું ભૂસું અને અહંકારનો સમાવેશ છે. બુદ્ધિને શુદ્ધ કરનારું કોઈ હોય તો તે તપ છે.

**તન અને મન વચ્ચે સમતોલન કેળવો.**

સાચું તપ દુષ્ટ વિચારો, કાર્યો અને ટેવોથી વેગળા રાખવા માટે, વિચાર, વાણી અને વર્તનની એકરાગિતા કેળવવા માટે અને મનની શુદ્ધતા લાવવા માટે છે. આને માટે આહારની આદતો સુધારવાની જરૂર છે. આજકાલ આપણે જે બિન કુદરતી અને કૃત્રિમ ખોરાક ખાઈએ છીએ તે ધ્યાનમાં અસ્થિરતા લાવે છે અને આપણી આધ્યાત્મિક-સાધના ઉપર પ્રભાવ પાડે છે. તેથી એક અધ્યાત્મિક મુમુક્ષુ માટે આહાર-શુદ્ધિ અત્યાવશ્યક છે. જો તમે ઈડલી-સંભાર બનાવવા માંગતા હોવ તો તમારી પાસે તાજાં શાકભાજી, ચોખ્ખા મસાલા, મસૂર, આમલી હોવા જોઈએ. તે

બનાવવા માટેનાં વાસણો પણ શુદ્ધ હોવાં જોઈએ. આહાર બનાવવા માટેના વાસણોને કલાઈ કરેલી નહીં હોય તો ખોરાક ઝેરી થઈ શકે છે. ખોરાક બનાવનાર રાંધવામાં કાબેલ હોવો જોઈએ એટલું જ નહીં, તે હકારાત્મક વિચારો ધરાવતો પણ હોવો જોઈએ.

### માનવ શરીર દિવ્યતાનું પ્રતિબિંબ છે.

માનવ શરીર ભગવાનના મંદિર-દેવાલય-જેવું છે જેમાં દિવ્ય આત્મા રહે છે. શરીર એક જ સ્થિતિમાં લાંબા સમય પર્યંત રહી શકે છે પણ જો કોઈ દોડવા માંગતુ હોય તો ઘણો શ્રમ કરવો પડે છે. બીજી તરફ, મન બહુ ઝડપથી કાર્યરત રહે છે; તેને સ્થિર અને શાંત રાખવા પુષ્કળ પ્રયાસ કરવાની જરૂર છે. આધ્યાત્મિક મુમુક્ષુને તન અને મનની વચ્ચે સમતોલન રાખવાની જરૂર છે. તેથી જ, શારીરિક પ્રવૃત્તિ વડે મનને સ્થિર અને શરીરને સશક્ત બનાવવાની જરૂર છે. મનુષ્ય અનંત-અનહદ-શક્તિનો ભંડાર છે. માનવ શરીર દિવ્યાકર્ષણથી ભરપૂર એક શક્તિશાળી લોહચુંબક જેવું છે. મન એ રેડિયો કે ટેલિવિઝન જેવું છે જેમાં અનેક ચેનલો હોય છે. હકીકતમાં કુદરતની તમામ દિવ્ય શક્તિઓ માનવ શરીરમાં છે જે દિવ્યતાનું પ્રતિબિંબ છે. પરંતુ, મનુષ્ય આજે માનસિક હોબાળા અને લાગણીવાળાં અસમતોલન ભણી દોરી જતી અનેક ખરાબ વસ્તુઓને સાંભળવામાં અને વાતો કરવામાં ઘણી બધી દિવ્યશક્તિ વેડફી રહ્યો છે. તદુપરાંત, તેને બિનજરૂરી હોય તેવી બાબતોની વાત કરવા અને સાંભળવા પાછળ કિંમતી સમયનો વ્યય કરે છે. ખરાબ વાતચીત અનિષ્ટ વિચારો પ્રતિ લઈ જાય છે અને ઈંદ્રિયોને ઉશ્કેરે છે. આવી અનિષ્ટ બાબતોમાં રચ્યાપચ્યા રહેનારા મનુષ્યને માટે તે માત્ર નુકસાનકારક જ નથી, બલકે, તે જેઓની સાથે પણ તેનું આદાન-પ્રદાન કરે છે તેવા લોકો ઉપર પણ અસર પાડે છે. જગતની અંદરની અશુદ્ધ અને અમંગલકારી વસ્તુઓથી તમે કેવી રીતે તમારી જાતને બચાવી શકશો ? બૂરી વાતચીતમાં પડશો નહીં, બૂરી વાત સાંભળશો નહીં, અને બૂરાં કર્મો કરશો નહીં. ઓછું બોલીને અને કુસંગથી દૂર રહીને, આવી અનિષ્ટ બાબતોમાં પડવાથી દૂર જ રહો, તો જ તમે દિવ્યાનંદનો આસ્વાદ માણી શકશો.

વસિષ્ઠ ઋષિ દશરથ રાજાના કુટુંબના ગોર મહારાજ (પૂરોહિત) હતા. એક વખત દશરથે તેમને પ્રશ્ન કર્યો કે તમે બ્રહ્મર્ષિ છો અને અધ્યાત્મિક શિખરો સર કરી ચૂક્યા છો છતાં તમે પારિવારિક પૂરોહિતનું પદ કેમ સ્વીકાર્યું? વસિષ્ઠ ઋષિ દિવ્ય દ્રષ્ટિથી કૃપાન્વિત હતા એટલે તેમણે દશરથ રાજાને કહ્યું, “ હે રાજન ! હું અહીંયાં કોઈ લૌકિક-દુન્યવી-પદ કે પ્રતિષ્ઠા માટે આવ્યો નથી. મારી પાસે સર્વસ્વ છે અને કશાની જરૂરિયાત નથી. હું તમારાં કુટુંબનો પુરોહિત બન્યો છું કેમ કે થોડાક સમય પછી તમારાં ઘરમાં ભગવાન અવતાર ધારણ કરશે તેમજ મને તેમનાં દર્શન, સ્પર્શન અને સંભાષણનો અવસર પ્રાપ્ત થશે.” વસિષ્ઠ દૈવી જ્ઞાન અને ડહાપણનો ભંડાર હતા એટલે દરેક જણ તેમને બ્રહ્મર્ષિ માનતા હતા. તેઓ તપરૂપી સમૃદ્ધિ પણ ધરાવતા હતા. વિશ્વામિત્ર ઋષિ પણ તપ અને જ્ઞાનરૂપી સમૃદ્ધિ ધરાવતા હતા પરંતુ તેઓ રાજર્ષિથી ઓળખાતા હતા. તેઓ વસિષ્ઠની જેમ બ્રહ્મર્ષિ કહેવાતા નહોતા. તેનું કારણ એ હતું કે વિશ્વામિત્ર તેમનાં મન અને લાગણીઓમાં વારંવાર ફેરફાર કરતા રહેતા હતા તેમજ તેમની શક્તિને પણ અનેકાનેક વખત વેગવાન બનાવવી પડતી હતી અને તેને લઈને તેમની દૈવી શક્તિ ગુમાવી બેઠા હતા. વિશ્વામિત્રની ઇચ્છા હતી કે તેઓ પણ વસિષ્ઠની જેમ બ્રહ્મર્ષિ બને. (....વધુ આવતા અંકમાં.....)

(....વધુ આવતા અંકમાં.....)

**(તા. ૧૬મી એપ્રિલ ૧૯૯૬ના રોજ સાઈ શ્રુતિ, કોડાઈ કેનાલ ખાતે ભગવાનનું દિવ્ય પ્રવચન).**

## ભાગવત વાહિની - પ્રકરણ ૧૫

# સમ્રાટ પરીક્ષિતનું રાજ-શાસન

પાંડવો, માત્ર એકધારી સીધી દૃષ્ટિ રાખીને એકધાર્યા ચાલતા જ જતા હતા-એમને એ પળની પ્રતિક્ષા હતી કે શરીર પૂરેપૂરૂ થાકીને ક્યારે એક વખત પડી જાય અને પરિણામે મરણ પામે અને એમની આ ધરતી પરની કારકિર્દી પૂરી થઈ જાય. કૃષ્ણની ફરતે એમની લાગણીઓ અને ભાવને કારણે તેઓના હૃદય ભરાઈ ગયા હતા; એમની લીલાઓ, એમની ટીખળ રમતો, એમની કૃપા અને એમની ભવ્યતા-એ બધાથી જ હૃદય એટલા બધા ભરાઈ ગયા હતા કે જેને કારણે, અન્ય કોઈ વિચારો કે લાગણીઓને માટે ત્યાં કોઈ સ્થાન જ નહોતુ. તેઓની રાણી દ્રૌપદી ઘણા લાંબા અંતર સુધી પોતાની જાતને ઢસડતી રહી (ચાલી ચાલીને) પરંતુ હવે આગળ ડગ ભરવા, તેણી ખૂબ અશક્ત થઈ ગઈ હતી. તેણીએ આજીજી કરવા છતાંયે, તેણીના પતિદેવો પાછા ન ફર્યા. તેણી ખૂબજ સમર્પિત હોવા ઉપરાંત બુદ્ધિશાળી હોવાને કારણે તેણીને ખાતરી થઈ ગઈ કે તેઓ એક એવી ભયંકર પ્રતિજ્ઞામાં બંધાયેલા હતા કે જેમાંથી છૂટવું કોઈ કાળે શક્ય જ નહોતું.

તેણીએ નક્કી કરી લીધું કે અત્યાર સુધી તે જે સંબંધોના બંધનથી બંધાઈ હતી, તે હવે ઢીલું થયું છે અને હવે તેણીએ પોતાના અંતને ભેટવાનું જ છે. તેણી બેભાન થઈ પડી ગઈ. તેણીએ-પોતાનું મન કૃષ્ણમાં સ્થિર કરીને છેલ્લો શ્વાસ લીધો.

પાંડવો પણ ચૂસ્તપણે શિસ્તબદ્ધ થઈને ચાલ્યે જ જતા હતા અને દરેકે યથાસમયે અને અલગ-અલગ સ્થાનો પર પોતાનો દેહ છોડીને પોતાનો અંત આણ્યો. તેમનું શરીર માટીમાં ભળી ગયું પરંતુ આત્મા તો કૃષ્ણમાં ભળી ગયો. કૃષ્ણના અમરતત્વમાં ભળી જઈને તેઓ પણ અમરત્વ પામ્યા.

સાર્વભૌમ ભારતના રાજસિંહાસન પરથી, પરીક્ષિતે ન્યાય અને નીતિના સિદ્ધાંતોને વળગીને રાજ્ય શાસન ચલાવ્યું, અને તેની પ્રજાને માતા-પિતા જેવો પ્રેમ આપીને તેમનું લાલન-પાલન અને રક્ષણ કર્યું. તે પોતાના હાથમાં જે પણ કોઈ કામ લેતા, ત્યારે શ્રી કૃષ્ણનું સ્મરણ કર્યા વિના અને પોતાના પ્રપિતામહોને યાદ કર્યા વિના અને સફળતા બક્ષવા માટે પ્રાર્થના કર્યા વિના તે એક પણ ડગલું આગળ ન ભરતા. સદાચારના સાચા માર્ગ ઉપર પોતાને દોરવા માટે તે સવાર-સાંજ તેમને પ્રાર્થના કર્યા કરતા. તે એવું માનતા કે તે પોતે-લોકોનું હૃદય છે અને લોકો-તેનું શરીર છે.

એમના રાજ્યશાસન કાળમાં, ચોરીના આળમાં પોતે ફસાય નહીં, તે માટે પવન પણ કોઈ વસ્તુને ખસેડવાની હિંમત કરતો નહીં. એમના રાજ્યમાં ચોરીની જરીકે કોઈને બીક જ નહોતી, કે અન્યાય, અનીતિ કે ખરાબ ભાવનાઓનો લેશમાત્ર અણસાર પણ નહોતો જોવા મળતો. આથી એ રાજ્યને ખૂબ ખ્યાતિ મળી. જરીક પણ ક્યાંયે દુષ્કૃત્યની નિશાની જોવા મળે એટલે પરીક્ષિત આકરી સજા કરીને તે બાબતે નિવારણ લાવી દેતા અને આવા તત્વોને અટકાવવાના પગલા ભરીને, તેને ત્યાંજ નિષ્ફળ બનાવી દેતા. અને આમ જ્યારે ધર્મનું પણ આ રીતે પ્રેમથી અને આદરપૂર્ણ રીતે લાલન-પાલન થતુ હોય ત્યારે પ્રકૃતિ પણ માયાળુ બની જતી. વરસાદ સમયસર વરસતો, ખેતરોમાં પાક પણ ઉત્તમ અને સમૃદ્ધ તેમજ વિપુલ પ્રમાણમાં થતો. ધાન્યભંડારો પણ ભરેલા રહેતા. રૈયત બધી સંતોષી, સુખી અને નિર્ભય હતી.

આ રીતે જ્યારે, અત્યંત ચીવટતાથી અને કુશળરીતે પરીક્ષિતનો રાજ્ય કારભાર ચાલી રહ્યો હતો ત્યારે રાજાને માર્ગદર્શન કરનાર મંત્રીઓ અને

રાજગુરૂઓએ મળીને, રાજાને હવે યોગ્ય જીવનસાથી ગોતીને ગૃહસ્થાશ્રમ સ્વીકારવા વિનંતી કરવા જવાનું નક્કી કર્યું. તેમણે આ રીતે રાજાને આજીજીભરી રજુઆત કરી. જ્યારે તેમને એવું લાગ્યું કે રાજા હવે અનુકૂળ છે ત્યારે વિરાટ રાજવંશના તેમના મામા ઉત્તર પાસે એમની પુત્રીના હાથની માંગણી કરી. આ માટે જે બ્રાહ્મણોને પ્રસ્તાવ લઈને ઉત્તર પાસે મોકલ્યા હતા, તેઓ પણ શુભ સમાચાર લઈને પરત ફર્યા અને જણાવ્યું કે આ પ્રસ્તાવથી તે રાજા ખૂબ ખુશ થયા હતા.પુરોહિતોએ આ માટે જે યોગ્ય દિવસ અને શુભ ઘડી નક્કી કરી જણાવી, તે દિવસે પરીક્ષિત અને ઉત્તરપુત્રી કુ.ઈરાવતીના લગ્ન ઠાઠમાઠ અને ભવ્યતાથી સંપન્ન થયા.

રાણી ઈરાવતી એ એક મહાન સાધ્વી સ્ત્રી હતી. તેણી અત્યંત ચૂસ્ત એવી સત્યની આગ્રહી અને પરમ પતિવ્રતા હતી. રાજ્યમાં જ્યારે કોઈ પણ દુઃખી હોવાનું તેણી સાંભળે તો તેણીને, ભારે દુઃખ થતું. જાણે કે પોતાની ઉપરજ આફત આવીને પડી હોય. રાજ્યની બધી સ્ત્રીઓ સાથે તેણી ભળી જતી અને તેમની આશાઓ, આકાંક્ષાઓ અને તેમની સિદ્ધિઓની જાણકારી મેળવી લેતી. તેણી તેઓને ઉત્સાહ આપતી રહેતી અને સમય આવે તો સાંત્વના પણ આપતી રહેતી. તેણી પોતે પોતાના ઉદાહરણથી અને ઉપદેશથી તેમનામાં સદ્‌ગુણનું સિંચન અને વિકાસ કરતી રહેતી. તેણીએ સત્ચરિત્રના વિકાસ અને રક્ષણ માટે સંસ્થાઓની પણ સ્થાપના કરી. તેણીને કોઈ પણ જાતનો ખોટો આડંબર ન હતો તેથી તેણી દરેક કક્ષાની સ્ત્રીઓને પોતાની પાસે આવવા દેતી. તેણી દરેકને માન/સન્માન આપતી. તેણી ધૈર્ય અને ત્યાગની દેવી હતી. બધા તેણીને (માનવ સ્વરૂપમાં) સાક્ષાત અન્નપૂર્ણા દેવી તરીકે માનીને તેણીના ગુણગાન ગાતા.

રાજા અને રાણીના આ રાજ્ય શાસનમાં પુરૂષો અને સ્ત્રીઓ શાંતિથી અને સુખેથી રહ્યા; તેમને કોઈ બાબતની ઉણપ હતી નહીં. માનવજાતિના કલ્યાણ માટે પરીક્ષિતે પણ અનેક વૈદિક ક્રિયા કર્મો-યજ્ઞયાગાદિનું આયોજન કર્યું હતું. ઈશ્વરને, તેના વિવિધ સ્વરૂપોમાં અને વિવિધ નામોને લઈને મંદિરમાં તેમજ ગૃહે ગૃહે પૂજાઓ અને આરાધના માટે આયોજન કર્યું હતું. આ રીતે, પ્રજાજનોમાં ઈશ્વરપ્રત્યે શ્રદ્ધા નિર્માણ થાય અને માનવી પ્રત્યે પ્રેમ ભાવના પેદા થાય, તેવાં કાર્યો પ્રવૃત્ત કર્યા. વનવગડાઓમાં આશ્રમો બનાવીને રહેતા ઋષિઓ અને સંતો, શાંતિથી અને સુસંવાદિતાથી રહી શકે તે માટે પણ તેમણે કેટલાક ઉપાયો હાથ ધર્યા. પ્રાણીઓ અને માનવીઓથી તેમના રક્ષણ કરવાનું કાર્ય તેમણે કર્યું. તે, તેમને આત્મસંયમના નિયમો શોધવાનો આગ્રહ સેવતા. તેમની સહીસલામતી માટે જે કોઈ પગલા હાથ ધર્યા હતા, તેનું તે જાતે નિરીક્ષણ કરતા.

ઈશ્વર અને પાર્વતી જે સ્નેહપૂર્ણ રીતે-હેતાળ થઈને વિશ્વનું સંચાલન કરે છે, તેવીજ રીતે પરીક્ષિત અને ઈરાવતીએ એમનું રાજ્ય ચલાવ્યું. થોડાક જ સમયમાં, સ્ત્રીવર્ગ વચ્ચે, રાણી સગર્ભા હોવાના સમાચાર પ્રસર્યા અને તે સાચા ઠર્યા.

પ્રજાજનો ચોરે અને ચૌટે, ઘરે અને મંદિરોમાં ઈશ્વરને પ્રાર્થના કરવા લાગ્યા કે રાણીને સર્વગુણસંપન્ન અને દૃઢ ચારિત્ર્યવાળો પુત્ર અવતરે કે જે ધર્મને ચૂસ્તરીતે પાળવાવાળો અને ધર્મઅનુયાયી હો અને જે એનું પુરૂં આયુષ્ય ભોગવવાવાળો હો. એ જમાનામાં, પ્રજાજનો પોતાના રાજાને એટલું બધું ચાહતા કે એને પ્રસન્ન કરવા પોતાની ખુશીઓનો ત્યાગ કરી દેતા. જ્યારે રાજા પણ પ્રજાને ખૂબ જ ચાહતા અને આંખની કીકીની જેમ તેનું રક્ષણ કરતા.

રાજવંશને ચલાવવા માટે બાળકના

આગમનના શુભ સમાચારથી પ્રજાજનોના પ્રચંડ અને પવિત્ર ઉત્સાહ વિશે પરીક્ષિતે જોયું અને સાંભળ્યું. પોતાની પ્રજા પોતાને કેટલી ઉત્કટતાથી ચાહે છે એ જ્યારે એમણે અનુભવ્યું, ત્યારે એમની આંખો આનંદાશ્રુથી ભરાઈ આવી. એમને એવું લાગ્યું કે આટલો બધો પ્રેમ તેના દાદાઓને કારણે અને ભગવાન શ્રી કૃષ્ણની કૃપા પ્રસાદીની ભેટ જ છે.

લોકોના પરમહિત માટે જ સેવા કરતા રહેવાના તેના સંકલ્પથી રાજા પરીક્ષિત ક્યારેય ચલિત ન થયા. આ સંકલ્પને વળગી રહેવા માટે તો તેઓ પોતાના ગમા-અણગમાની ક્યારેય ચિંતા કરતા નહીં. તે, પ્રજાને પુત્રવત્ત ગણીને પાલન કરતા. પ્રજા અને રાજાને બાંધી રાખનાર પ્રેમ સંબંધના તાંતણા એવા અતુટ હતા કે આ એક બહુ ઊંચી અને પવિત્ર કક્ષાનું જોડાણ હતું. આથીજ પ્રજાજનો કહ્યા કરતા કે સ્વર્ગની જગ્યાએ તેઓ તો આ રાજ્ય જ મેળવવાનું પસંદ કરશે.

આ સમય દરમ્યાન, એક શુભ દિવસે, રાણીએ પુત્ર રત્નને જન્મ આપ્યો અને સમગ્ર રાજ્ય એક અકથ્ય આનંદમાં તરબોળ થઈ ગયું. સાધુઓ, વિદ્વાનો અને રાજપુરૂષોએ રાજાને આશીર્વાદ અને શુભકામનાઓ પાઠવી. તેઓએ ઉદ્દઘોષ કર્યો કે રાજ્ય પર નવા પ્રકાશનો ઉદય થયો છે. ભવિષ્યવેત્તાઓએ તેમની પોથીઓનો અભ્યાસ કર્યો અને બાળકના ભવિષ્યની ગણતરી મુકતા જાહેર કર્યું કે તે વંશની આબરૂ અને ભવ્યતામાં વૃદ્ધિ કરશે, પોતાના પિતાની નામના વધારશે અને પ્રજાનો પ્રેમ અને આદર સંપાદન કરશે.

બાળકના નામકરણવિધિ માટે પરીક્ષિતે કુલગુરૂને મહેલ ઉપર તેડાવ્યા અને પુરોહિતો-બ્રાહ્મણોની પણ સલાહ લીધી. અને એ પ્રમાણે, એક ભવ્ય આયોજિત સમારોહમાં બાળકનું નામ 'જન્મેજય' એમ રાખવામાં આવ્યું. રાજાના બ્રાહ્મણ સલાહકારોમાં વરિષ્ઠ એવા કૃપાચાર્યની સૂચના અનુસાર, હાજર રહેલા સૌ બ્રાહ્મણોને કિંમતી ભેટો આપવામાં આવી. ગાયોના શિંગડાઓ અને ખરીઓને સોનાના ઘરેણાઓથી શણગારીને આવી અસંખ્ય ગાયો દાનમાં આપવામાં આવી. અને દિવસ પૂરો થતા સુધી બધાને ધરાઈને જમાડવામાં આવ્યા. જ્યારે ધર્મરાજા પોતાના અંતિમ પ્રયાણ અર્થે નિકળ્યા હતા, ત્યારે સિંહાસનારૂઢ આ નાના બાળકને, કૃપાચાર્યને સોંપતા ગયા હતા અને આ કૃપાચાર્ય પણ સાચા વિશ્વસ્ત (ટ્રસ્ટી) તરીકે રહીને, રાજાને રાજકાજમાં યોગ્ય માર્ગદર્શન આપતા અને તે બાબતે તેનું યોગ્ય ઘડતર કરતા હતા. જેમ જેમ તે મોટો થતો ગયો તેમ તેમ આ અલંબન વધુ ફળદાયી નિવડતુ ગયું; રાજા ભાગ્યેજ તેઓની સલાહથી અલગ પડતા, બલ્કે તે હંમેશા એમની સલાહ માનતા અને માનભેર એને અનુસરતા. આથી, રાજ્યના ઋષિઓ અને સાધુઓ, તેની તંદુરસ્તી અને દીર્ઘાયુ માટે પ્રાર્થના કરતા અને લોકોની સુખાકારીના ગુણગાન કરતા તેમજ પ્રજાના કલ્યાણ માટે રાજાની તત્પરતાને બિરદાવતા.

પરીક્ષિત રાજા તો ધરતી ઉપરના બધા રાજાઓના શિરોમણી હતા કારણ તેમને તો મહાન પુરૂષોના આશીર્વાદ હતા, શાણા રાજપુરૂષોનું માર્ગદર્શન હતુ અને ઈશ્વરની કૃપા હતી. પોતાની લાંબી વિજયકૂચને અંતે, એમણે ગંગાકિનારે પડાવ નાખ્યો અને દિગ્વિજય મહોત્સવ ઉજવણી નિમિત્તે, નિર્દેશિત વિધિવિધાન સાથે ત્રણ અશ્વમેધ યજ્ઞ કર્યા. માત્ર ભારતના એક છેડેથી બીજાછેડા સુધી જ નહીં પરંતુ દેશની સરહદોની પાર પણ એમની કીર્તિ ફેલાઈ. તેઓ ભરતરાજના મહાન રત્ન હોવાની વાતો દરેકના મોઢે સાંભળવા મળતી. કોઈ રાજ્ય એવું નહોતું કે જેણે એમની ધૂંસરી ન સ્વીકારી હોય. કોઈ પણ રાજા એમની અવગણના કરતા નહીં. કોઈપણ રાજા કે પ્રજાને નમાવવા માટે એમને

ક્યારેય લશ્કરને મોખરે રહીને કૂચ કરવી નહોતી પડતી. દરેક જણ એમને આદર અને સન્માન આપવા ખૂબ જ ઉત્કંઠિત રહેતા. આખાયે પ્રદેશ, ભૂમિ અને પ્રજાના તેઓ સમ્રાટ હતા.

કૃષ્ણનો કાળ પૂરો થતાં જ દુષ્ટતા અને દુર્ગુણોના રૂપ થકી કલિનો પ્રવેશ થઈ ચૂક્યો હતો. જેને કારણે તે અવાર-નવાર ફૂંફાડા મારતો ફેણ ફેલાવીને ફૂત્કારતો રહેતો. પરંતુ પરીક્ષિત એકદમ સતર્ક હતા. કલિની યુક્તિ-પ્રયુક્તિઓ અને વ્યુહરચનાને નિષ્ફળ બનાવવા વળતા પગલા લેતા. સમગ્ર રાજ્યમાં એમના વડવાઓ/દાદાઓએ દાખલ કરેલા સુધારાઓમાં અને એમણે જે સંસ્થાઓની સ્થાપના કરી એમાં, રાજાપરીક્ષિત એમના પગલા શોધવાના પ્રયત્નો કરતા. પ્રસંગોપાત, રાજા પોતાની પ્રજાને, એમના ઉમદાપણાની અને આકાંક્ષાઓની વાતો કરતા. રાજા, એમને કૃષ્ણ અને એમની કૃપા પ્રસાદની પણ વાતો કહેતા. જ્યારે પણ તેઓ આવી વાતોનો ઉલ્લેખ કરતા-વાતો કહેતા, ત્યારે તેમની આંખોમાંથી આભાર અને પ્રેમાનંદના આંસુઓ વહેવા લાગતા. પાંડવો અને કૃષ્ણના પડખામાં પોતાને ઉછરવાની તક ના મળી તે વિષયે તેઓ ભારે વ્યથા અનુભવતા.

એમને ખ્યાલ આવી ગયો હતો કે કલિએ એમના રાજ્યમાં પ્રવેશ કર્યો છે અને પ્રજાના માનસપટલ ઉપર પોતાનો પ્રભાવ પાડવા માગે છે. જ્યારે એમને તેની પ્રવૃત્તિઓની જાણ થઈ ત્યારે એ કલિ પ્રવૃત્તિઓના ફેલાવા માટે કઈ પરિસ્થિતિ જવાબદાર છે તે અંગે એમણે સંશોધન કર્યું અને એમના ગુરૂજનો અને વડીલોના સક્રિય સહકારથી, એમણે કલિની પ્રવૃત્તિઓને ઉભી થતી ડામવા માટે વિશિષ્ટ કાયદાઓ ઘડી કાઢ્યા. જો કે વડિલોએ સુચન કર્યું કે જ્યારે દુષ્ટતા, ગુન્હારૂપે પ્રગટ થાય ત્યારે જ પગલા લેવા જોઈએ, પરંતુ પરીક્ષિત એમની સાથે આ મુદ્દે સંમત ન થયા. તેઓ તો સાવધાનીમાં માનતા હતા. તેઓ તો એમની પ્રજાને દોરવા માગતા હતા. "યથા રાજા તથા પ્રજા" એ કહેવત છે જ એવું તેઓ કહેતા. એમણે જાહેર કર્યું કે કલિ અને દુષ્ટ તત્વો, એ તો રાજાની અણઆવડત-બિનકાર્યક્ષમતાને કારણે કે પ્રજામાં આત્મવિશ્વાસના અભાવને કારણે કે પ્રભુની કૃપા મળવામાં ઘટાડો થયો હોવાના કારણે જ પ્રસરે છે. ... (ક્રમશઃ)

## જનકનો પ્રશ્ન / મુંઝવણ:

મહાજ્ઞાની અને યોગી જનકરાજા એકવાર રાત્રે ભોજન બાદ પ્રધાનો સાથે વાતચીત કરતા હતા. એકાએક ગાઢ નિંદ્રામાં પડી ગયા. થોડા સમય બાદ જાગ્યા અને પ્રશ્ન પૂછવા લાગ્યા કે 'તે સાચુ કે આ સાચુ?' (એટલે કે ઉંઘમાં સ્વપ્નમાં અનુભવ્યું તે કે અત્યારે જાગ્રતાવસ્થામાં જોઉં છુ તે) કોઈ જવાબ ન આપી શક્યું. રાજાના ઉત્તેજીત મનને પારખીને પ્રધાનોએ જવાબ આપવા પ્રયત્ન કર્યો પણ રાજાના પ્રશ્નના રહસ્યનો કોઈ વ્યક્તિ ઉકેલ કરી ન શક્યું. 'આ સત્ય કે તે સત્ય?' છેવટે વસિષ્ઠ મુનિને બોલાવ્યા. તેમણે યોગિકદર્શન કર્યા. પછી રાજાના પ્રશ્નનો જવાબ આપ્યો, "હે મહારાજા આ પણ સત્ય નથી કે તે પણ સત્ય નથી. તમે, જ વાસ્તવિક સત્ય છો. તમે પોતે જ કેટલીક ઘટના જાગ્રતાવસ્થામાં અને સ્વપ્નાવસ્થામાં અનુભવી. જાગ્રતાવસ્થામાં સ્વપ્ન ન હતું, સ્વપ્નાવસ્થામાં તમે જાગતા ન હતા. પણ તમે બન્ને પરિસ્થિતિમાં હાજર હતા, માટે તમે જ સત્ય છો. તમે બંન્ને પરિસ્થિતિના અનુભવી છો".

**- ભગવાન શ્રી સત્ય સાઈ બાબા**

(૨૧ મે ૧૯૯૩ ના રોજ સાઈ રમેશ સભામંડપ ખાતે આપેલ પ્રવચનમાંથી)

### SSSIHL પ્રશાંતિગ્રામની ૩૦મી વર્ષગાંઠ (સવંત્સરી)

# સ્વામીની સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલની અજોડતા / અનન્યતા

ડૉ. ગુરુમૂર્તિ

ત્રીસ વર્ષ પહેલા ભગવાન શ્રી સત્ય સાઈ બાબાએ માનવ સમુદાયને વચન આપેલું. ૨૩મી નવેમ્બર ૧૯૯૦ ના રોજ, પોતાના ૬૫ માં જન્મ દિવસ પર પ્રવચન કરતા, સ્વામીએ કહેલું, "કેટલાક લોકો લાખો રૂપિયા ખર્ચીને પોતાના હૃદયની સારવાર માટે U.S.A. જાય છે, પરંતુ ગરીબ લોકોની કોણ પરવા કરે છે? તેઓ શહેરોમાં જાય છે છતાં કોઈ તેમની સંભાળ લેતું નથી. આ પરિસ્થિતિ જોઈને પુટ્ટપર્તિ ગામમાં એક હોસ્પિટલ શરૂ કરવાનું નક્કી કરેલ છે. ભલે પછી હૃદયની શસ્ત્રક્રિયા હોય કે મગજની, દરેકની સંપૂર્ણ રીતે મફતમાં સારવાર અપાશે. તારીખ પણ નક્કી થઈ ગયેલ છે. ૧૯૯૧ ની ૨૨મી નવેમ્બરે આપણે તે હોસ્પિટલનું ઉદ્‌ઘાટન કરીશું."

અને સ્વામીએ જેવું કહેલું તે જ પ્રમાણે ૨૨મી નવેમ્બર, ૧૯૯૧ ના દિવસે શ્રી સત્ય સાઈ ઈન્સ્ટીટ્યુટ ઓફ હાયર મેડિકલ સાયન્સીઝ, પુટ્ટપર્તિનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.દેશના ઈતિહાસમાં તે મહત્વની ક્ષણે એક યાદગાર પ્રસંગ બની ગયો.

૧૯૯૦ ની શરૂઆતમાં ભારત એક અણધાર્યા આર્થિક પરિવર્તનનું સાક્ષી હતું. આઝાદ ભારતના ઈતિહાસમાં પ્રથમ વખત એક બંધ સામાજિક અર્થતંત્રમાં ઉદારીકરણ અને ખાનગીકરણથી પ્રેરિત અર્થતંત્ર ખુલી રહ્યું હતું. અને ૧૯૮૦ ના છેલ્લા દસકામાં ખાડે ગયેલા અર્થતંત્રે સ્વસ્થ થવાની શરૂઆત કરેલી, ત્યારેજ દેશના આરોગ્ય/સ્વાસ્થ્ય સંભાળના ક્ષેત્રમાં એક શાંત/અણગમતુ રૂપાંતરણ થઈ રહ્યું હતું. ઉદારીકરણ પહેલા ભારતમાં, આરોગ્ય સેવા-સંભાળ, સરકારને આધિન હતી. પરંતુ ૧૯૯૦ પછી સમૃદ્ધ થતી જતી અથવા બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળેલી ખાનગી આરોગ્ય સંભાળ સંસ્થાઓના વિકાસને કારણે આરોગ્ય સંભાળ મોંઘી બની ગઈ. જેઓને પરવડે છે તેઓ ખાનગી દવાખાનામાં જતા હતા જ્યારે ગરીબો, જે નહોતા જઈ શકતા તેઓ ભોગ બન્યા હતા. ઉચ્ચ સ્તરની સર્જિકલ સંભાળ લગભગ ગરીબોની પહોંચની બહાર જતી રહી હતી.

આ સમયે જ ભગવાન બાબાએ શ્રી સત્ય સાઈ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હાયર મેડિકલ સાયન્સીસનું ઉદ્‌ઘાટન કર્યું હતું. હોસ્પિટલમાં રહેલા વિભાગોમાં પહેલો જ વિભાગ કાર્ડિયોલોજી/હૃદયની સારવાર અને સર્જરીનો શરૂ કરવામાં આવ્યો હતો. પછી ધીમે ધીમે એક પછી એક વિભાગ ઉમેરાતા ગયા. વર્ષ ૧૯૯૨માં યુરોલોજી (મુત્ર-કિડનીના રોગો)નો વિભાગ અસ્તિત્વમાં આવ્યો. વર્ષ ૧૯૯૪ માં નેત્ર વિજ્ઞાન વિભાગ, વર્ષ ૧૯૯૭ માં પ્લાસ્ટિક સર્જરી વિભાગ, વર્ષ ૨૦૦૬ માં ઓર્થોપેડિક્સ વિભાગ અને છેલ્લે વર્ષ ૨૦૦૮ માં ગેસ્ટ્રોએન્ટરોલોજી વિભાગ શરૂ કરવામાં આવ્યો. ભગવાન બાબાની પ્રાથમિકતા-જાતિ, વર્ગ, સંપ્રદાય, વર્ણ, ધર્મ અથવા રાષ્ટ્રીયતાને ધ્યાનમાં લીધા વિના-બધાને શ્રેષ્ઠ અને સંપૂર્ણપણે મફત સારવાર પ્રદાન કરવાની હતી. કોઈપણ વ્યક્તિ જેને કોઈ બિમારી હોય, અને એની સારવાર થઈ શકે એમ હોય તો, તે ભગવાનની હોસ્પિટલમાં સારવાર લઈ શકે છે.

એ હકીકત છે કે ભગવાનની હોસ્પિટલનું એક મૂળભૂત પાસું પ્રેમ અને કરુણાના પાયા પર

રચાયેલુ છે. આમ તો હૉસ્પિટલમાં દાખલ થનાર દરેક દર્દી સાથે પ્રેમ અને કરુણાથી સારવાર અપાતી જ હોય છે. અમારા માટે આશ્ચર્ય જેવું કશું નથી કે ઘણા દર્દીઓને શસ્ત્રક્રિયા કર્યા પછી સંપૂર્ણ રીતે સ્વસ્થ થયા પછી રજા આપવા માટેનું પત્રક (ડિસ્ચાર્જ ફોર્મ) આપવામાં આવે છે, ત્યારે તેઓ અમને ડૉકટરો અને નર્સીઝને પૂછે છે કે શું દવાખાનામાં તેઓ થોડાક દિવસો વધારે રોકાઈ શકે કે નહિ અને તેમને પૂછવામાં આવે કે શા માટે? તો તેઓ જવાબ આપે છે કે તેમને તેમના પોતાના ઘર કરતા પણ દવાખાનામાં વધારે ગમે છે. આ છે હોસ્પિટલમાં દર્દીઓ પર વરસાવવામાં આવેલ પ્રેમ, કાળજી અને સંભાળનો પ્રમાણિત પૂરાવો. આ પ્રકારની સંવેદનાઓ અમારી વિશિષ્ટતાઓનો દર્દીઓ દ્વારા અપાતો પ્રતિઘોષ. પછી ભલે તે દર્દીઓ જે હૃદયની સમસ્યાઓ કે સર્જરીમાંથી પસાર થયેલા હોય અથવા યુરોલોજીની (મૂત્રપીંડની) સર્જરીમાંથી, આંખની સર્જરી, ઓર્થોપેડિક્સની સર્જરી કે પ્લાસ્ટીક સર્જરીમાંથી પસાર થયેલા હોય, પરંતુ આ શબ્દો બધાજ વિભાગોના દર્દીઓ દ્વારા કહેવામાં આવતા હોય છે.

ઉદાહરણ તરીકે અમારા દર્દીઓમાંના એક શ્રી અનિલકુમાર ઉત્તરપ્રદેશના દૂરના વિસ્તારથી આવેલા હતા. SSSIHL ની મુલાકાત લેતા પહેલા, તેમણે કેટલીક હોસ્પિટલ્સની મુલાકાતો લીધેલી. તેમને યુરોલોજીકલ પીડા હતી. જેના માટે એક અતિ મુશ્કેલ સર્જરીની જરૂર હતી. સર્જરી પૂર્ણ રીતે પૂરી થયા પછી અમે જ્યારે તેમને ડિસ્ચાર્જ કરવા અંગે વાત કરી ત્યારે તેમણે જે કહ્યું, તે હજુ પણ મારા કાનમાં ગુંજે છે. તેમણે કહ્યું, "દાકતર સાહેબ, આ પીડા તો મારા માટે આશીર્વાદરૂપ હતી, કારણ કે દુઃખાવાને કારણે જ હું બાબાની સુંદર હોસ્પિટલની મુલાકાત લઈ શક્યો જ્યાં મને મારી જીંદગીમાં ક્યારેય મળ્યા નથી તેવા પ્રેમ અને સંભાળ અહીં મળ્યા.

અથવા તો તામિલનાડુની એક યુવાન છોકરીનો કેઈસ લઈએ, જેને ચહેરા પર મોટુ ટ્યુમર (કેન્સરની ગાંઠ) હતું. તેણી ગમે ત્યાં જાય, પરંતુ સર્જનો તેનું ઓપરેશન કરવાનો ઈન્કાર કરી દેતા. ત્યાર બાદ તેણીને કોઈએ અમારી હોસ્પિટલ વિશે જણાવ્યું. હું પોતે જ એક પ્લાસ્ટીક સર્જન હોવાથી ઓ.પી.ડી. માં તપાસી અને સ્વામીમાં શ્રદ્ધા રાખી અમે તેણીનું ઓપરેશન કરી ટ્યુમર દૂર કર્યું અને તેણી સંપૂર્ણ રીતે સાજી થઈ ગઈ. અમે તેણીની સાથે વાત કરી ત્યારે તેણીએ કહ્યું, "આ હોસ્પિટલમાં ડૉકટરો દેવ સમાન છે." અમે સ્મિત કરીને વોર્ડમાં રહેલો સ્વામીનો ફોટો બતાવીને તેણીને કહ્યું, "અમે તો માત્ર માણસ છીએ આ દવાખાનામાં તે ભગવાન છે તેઓ અમારા દ્વારા કાર્ય કરે છે." ત્યાર બાદ અમે જોયું કે તેણીના માતા-પિતા પલંગની બન્ને બાજુએ ઉભા હતાં એમની આંખોમાં આંસુ હતાં. તે વખતે અમને સમજાયું કે તે છોકરીએ તેના ચહેરાના દેખાવને લીધે કેટલું બધું દુઃખ ભોગવ્યું હશે, કેટલી ટીકાઓ કે મ્હેણા-ટોણા સાંભળ્યા હશે અને જીંદગીમાં કેટલીબધી હાંસીપાત્ર બની હશે અને તેણીની પીડા જોવા અશક્તિમાન બનેલ મા-બાપે કેટલુ બધુ દુઃખ ભોગવ્યુ હશે કે સહન કર્યું હશે. પરંતુ સ્વામીએ તેણીની પીડા હંમેશને માટે દૂર કરી નાંખી.

એવી બીજી ઘણી બધી વ્યક્તીઓ છે જેમણે હોસ્પિટલમાં સ્વામીનો પ્રેમ અનુભવ્યા પછી પૂરેપૂરા પરિવર્તિત થયા. ત્રણ વર્ષના સોમેશ્વરના પિતા બસવરાજ તેઓમાંના એક છે. સોમેશ્વરને હૃદયમાં બે કાણા (છીદ્રો) હતાં અને વાલ્વ વધુ સંકોચાઈ રહ્યો હતો. તેની કાર્ડિયાક સર્જરી કરવામાં આવેલી અને હવે તે પૂરેપૂરો સ્વસ્થ છે. હોસ્પિટલ છોડતી વખતે બસવરાજે કહ્યું કે, "બાબાથી માંડી બીજા બધા દ્વારાતેને જે પ્રેમ મળ્યો છે તે પ્રેમનો પ્રસાર કરવો તેજ હવે તેના જીવનનું ધ્યેય હતું."

લોકોને મદદ કરવા માટે મારાથી ભલે થોડું તો થોડું, જે કાંઈ પણ થઈ શકે તે કરવા માટે હું મારાથી શક્ય તેટલા પ્રયત્નો કરીશ.

સ્વામીના પ્રેમને કોઈ સીમા નથી. કેટલાયે એવા ઉદાહરણો છે જેમાં બાબાએ પોતે દર્દીઓને હોસ્પિટલ જવા પ્રેરિત કર્યા હોય, દોરવણી આપી હોય. દર્દીઓને સારવાર મળી રહે તે માટે સ્વામી કેટલી સખત મહેનત કરે છે, તે આશ્ચર્યજનક છે.

અનંતપુર શહેરમાં ૧૪ વર્ષની ઉંમરનો એક છોકરો મારુતિકુમાર તેની માતા જોડે રહેતો હતો. તેને જ્યારે આંખની એક સમસ્યા ઉભી થઈ, ત્યારે તેની માતા અનંતપુરમાં જુદા જુદા સ્થળે લઈ જતી અને છેવટે સારવાર કરાવવા માટે હૈદરાબાદ પણ લઈ ગઈ હતી. પણ આ બધું નિષ્ફળ રહ્યું. ત્યાર બાદ એક દિવસ તેની માતાને સ્વપ્નમાં સ્વામી દેખાયા, અને તેણીને ઠપકો આપતા કહ્યું, "મેં જ્યારે તમારા ગામની બરાબર બાજુમાં જ હોસ્પિટલ બાંધેલું છે, ત્યારે શા માટે બીજી જગ્યાએ જાવ છો?" મારુતિની માતા અવંતિકા, પુટ્ટપર્થી નજીકના ગામની હતી, પરંતુ તેની નોકરી અનંતપુર હતી. રાહ જોયા વિના, તેણી તેના યુવાન પુત્રને અમારી હોસ્પિટલમાં લઈ આવી. તે એક જટિલ રેટિના સર્જરી હતી, જેની અવગણના કરવામાં આવી હતી, પરંતુ સ્વામીની કૃપાથી સર્જરી સારી રીતે થઈ અને મારુતિ કોઈની અપેક્ષાઓ કરતાં ઘણોજ જલ્દી સ્વસ્થ થઈ ગયો.

અન્ય કેટલાક કિસ્સામાં સ્વામી પોતાના સેવાદળને કાર્યો માટે દોરવણી આપતા, જેમકે ચોટેલાલ સાહુ જેના બન્ને હિપ્સ (થાપાના નળાકાર હાડકા)) બદલાવવા પડે તેમ હતું. તે એક ઓટોરિક્ષા ડ્રાઈવર હતો અને તેની સ્થિતિ એટલી બધી ખરાબ હતી કે તેના બે બાળકોએ તેને ઉપાડીને ઓટોરિક્ષા સીટ પર મૂકવો પડતો જેથી તે પોતાની રિક્ષા ભાડા માટે ફેરવી શકે. સાંજે તેઓ આખા દિવસના કામ પછી તેને ઉંચકીને નીચે ઉતારતા. તે હવે ફરી ચાલી રહ્યો છે. તેના બન્ને હીપ્સ (થાપાના નળાકાર હાડકા) અમારી હોસ્પિટલના ઓર્થોપેડિક્સ વિભાગ દ્વારા બદલાવવામાં આવ્યા હતા. સેવાદળની એક વ્યક્તિ જેની હાર્ટસર્જરી અહીં થયેલ તેના દ્વારા તે ડ્રાઈવરને અમારી હોસ્પિટલે જવાનું માર્ગદર્શન મળેલું.

આવી તો ઘણી બધી વાર્તાઓ છે તેમાંની દરેકે દરેક વાત સ્વામીની હોસ્પિટલની અજોડતા બતાવે છે. એટલી જ મહત્વની એ પણ હકીકત છે કે આ હોસ્પિટલ દરેક માટે પ્રેરણારૂપ છે. આવનારી પેઢીઓ માટે તે એક આદર્શ નમૂનારૂપ છે.

ભારતમાં આરોગ્યની સારવાર ઉપલબ્ધિ માટે કેટલાક પરિબળો છે-ગતિચક્રો છે. એક તો દરેક જણ જાણતું હોય કે નાણાકિય ઉપલબ્ધિ. આજના સમયમાં અને આ યુગમાં કમનસીબ બાબત એ છે કે ખિસ્સામાં રહેલા નાણા નક્કી કરે છે કે વ્યક્તિ તંદુરસ્ત રહે છે કે નહીં અને તેથી તે વ્યક્તિ જીવશે કે મૃત્યુ પામશે. બીજુ પરિબળ એ છે કે આરોગ્ય-સેવાસંસ્થામાં ભૌતિક સ્વરૂપે પહોંચવું. એક નિયમ તરીકે દેશમાં ઉચ્ચકક્ષાની સર્જીકલ સારવાર વાળી હોસ્પિટલ્સ ભારતમાં મોટે ભાગે શહેરી વિસ્તારોમાં જ આવેલ છે, એક ગામડાની વ્યક્તિને નાણા ઉપલબ્ધ હોવા છતાં ત્યાં પહોંચવું એક સમસ્યા બની જાય છે. આમાં સામાજિક જ્ઞાતિ અને હોદ્દાના સ્તરો ઉમેરવામાં આવ્યા છે, જે સારવાર મેળવવાની વાત આવે ત્યારે ચોક્કસ વિભાગો માટે વધારાના લાભ બની જાય છે.

આ વિચારને ધ્યાનમાં લઈએ તો, ભગવાન બાબાની હોસ્પિટલ રસપ્રદ બની જાય છે. સૌ પ્રથમ તો તે વર્ણ, જાતિ, જ્ઞાતિ, ધર્મ અથવા રાષ્ટ્રીયતાને ધ્યાનમાં લીધા વિના, બધા માટે સંપૂર્ણપણે મફત છે. અને દર્દીઓની પશ્ચાદભૂમિકા શું છે તેનાથી કોઈ

ફરક પડતો નથી. બીજું, બાબાની હોસ્પિટલનું સૌથી અનોખું પાસું, જેના વિશે વાત કરવાની જરૂર છે, તે હકીકત એ છે કે તે એક ગામડામાં છે. હું નથી માનતો કે દેશમાં આટલુ ઉન્નત સર્જીકલ કેન્દ્રવાળુ હોસ્પિટલ અન્ય કોઈ ગ્રામ્ય વિસ્તારમાં હોય. આ બાબત ગામડાના લોકોને પોતાની સારવાર માટે ભૌતિક ઉપલબ્ધિ પૂરી પાડે છે અને તેઓનો સમય, નાણા અને દૂર દૂરના શહેરોમાં મુસાફરીના ખર્ચા અને તકલીફોથી બચાવે છે.

આવી અજોડ અને અનન્ય હોસ્પિટલમાં કામ કરીને, અમે, હોસ્પિટલના કર્મચારી, સ્વામી દ્વારા માનવજાતને અપાયેલી આ દિવ્ય અને અનોખી ભેટના સહભાગી બનવા માટે અમારી જાતને પરમ સૌભાગ્યશાળી માનીએ છીએ. અને હોસ્પિટલની આ ૩૦મી વર્ષગાંઠ પર, અમે સ્વામીને પ્રાર્થના કરીએ છીએ કે તેમને સંતોષ થાય તે રીતે તેઓ અમને અમારું કાર્ય કરવાની શક્તિ આપે.

**- લેખક શ્રી સત્ય સાઈ ઈન્સ્ટીટ્યુટ ઓફ હાયર મેડિકલ સાયન્સ, પ્રશાંતિ ગ્રામ (પુટ્ટપર્તિ)ના ડાયરેક્ટર છે.**

## મુશ્કેલીઓ, આવનારા સુખી દિવસોની સૂચક છે.

સતત ઈશ્વરના ધ્યાનથી જ માનસિક શાંતિ પામી શકાય છે. એ બજારમાં વેચાતી મળતી નથી. માત્ર સતત ઈશ્વર ધ્યાન વડે જ માનસિક ચિંતાઓને હલ કરી શકાય છે. દુનિયાના બધા લોકોનો આવો જ અનુભવ છે.

"જન્મ પામવો એ જ એક ચિંતાનો વિષય છે, પૃથ્વી ઉપર રહેવું એ પણ એક ચિંતા જ છે, સંસાર એ ચિંતાનું કારણ છે, અને મૃત્યુનું પણ એજ કારણ છે. સમસ્ત બાલ્યાવસ્થા ચિંતામય છે અને ઘડપણ પણ ચિંતામાં છે, જીવન જ ચિંતામય છે, અસફળતા એક ચિંતા છે, બધા જ કાર્યો અને મુશ્કેલીઓ પણ ચિંતાનો વિષય છે, સાક્ષાત સુખ પણ એક રહસ્યમય ચિંતા જ છે.

માત્ર ઈશ્વરનું ધ્યાન જ બધી ચિંતા દૂર કરશે. ચિંતામાંથી મુક્તિ મેળવવાનો આ જ રાજમાર્ગ છે. આ પવિત્ર અને ઉમદા માર્ગ છોડીને બીજો કોઈ પણ માર્ગ અપનાવવા જશો તો એ તમને વધુ ચિંતાઓ અને સંકટમાં લઈ જઈને નાંખશે. આ દિવ્ય અને ઉજ્જવલ માર્ગ ઉપર આગેકૂચ કરો. તમારાં બધા કાર્યોથી તમને શાંતિ અને સુખ મળવાં જોઈએ, નહિ કે સંકટો અને મુશ્કેલીઓ. મુશ્કેલીઓમાંથી પસાર થતા હોઈએ ત્યારે પણ હંમેશા એમ જ માનવું કે એ તમને સુખ આપવા માટે જ છે. દરેક માનવી આગળ જતા સુખ મેળવવા માટે જ મુશ્કેલીઓ વેઠે છે. છતાં, દુ:ખના સમયમાં એને આ ખ્યાલમાં આવતું નથી. પણ વખત જતા જ્યારે યાતના પૂરી થઈને સુખના દહાડા આવે છે ત્યારે એને સત્ય સમજાય છે. માટે એ સત્ય કાયમ યાદ રાખવું કે દુ:ખ અને મુશ્કેલી ભવિષ્યના સુખી દિવસોનું આગમન સૂચવે છે. વાસ્તવમાં, સાચું સુખ મુશ્કેલીમાંથીજ સાંપડે છે.

**- ભગવાન શ્રી સત્ય સાઈ બાબા**

**(સાઈ કુલવંત હૉલમાં ૨૩ ઓગષ્ટ ૨૦૦૪ ના રોજ શ્રીકાકુલમના ભક્તોને સંબોધનમાંથી)**

# દિવ્ય માલિક સાથેની મંત્રમુગ્ધ કરનારી ક્ષણો

રાણી સુબ્રમણ્યન્



મારી બહેન જે દિલ્હીમાં રહેતી હતી, તે સ્વામીના દર્શન માટે પુટ્ટપર્તિ જઈ રહી હતી. પુટ્ટપર્તિ જતા પહેલાં, નાગપુરમાં થોડાક દિવસ અમારી સાથે રહેલી. પુટ્ટપર્તિમાં તેની સાથે જે કાંઈ બન્યું તે પાછળથી મારી જાણમાં આવેલું. પ્રશાંતિનિલયમમાં તેણીના આવતાની સાથે જ સ્વામીએ તેણીને ઉપરના માળે બોલાવીને પૂછ્યું, "જવાહર (મારો પુત્ર) ને કેમ છે? શું તે બરાબર છે? આ પ્રશ્નથી તેણીને ખૂબ જ નવાઈ લાગી. તેણીએ કહ્યું, "સ્વામી, તમે શા માટે આમ પૂછો છો? તે કુશળ જ છે." તેમણે કહ્યું, શું તમને ખબર નથી? તેને તાજેતરમાં જ એક ગંભીર અકસ્માત થયો હતો. શું રાણીમાએ તમને વાત કરી નહોતી?" તેણીએ કહ્યું, "ના, સ્વામી! કૃપા કરીને મને કહો કે શું બન્યું હતું" ત્યાર બાદ સ્વામીએ તેણીની આગળ સમગ્ર ઘટના આ રીતે વર્ણવી. "તે સાયકલ ચલાવી રહ્યો હતો અને પડી ગયો. તેને માથામાં ઈજા થઈ, જે ખૂબ જ ગંભીર બની હોત. પરંતુ રાણીમાં તેણીના બાળકોની રક્ષા કરવા માટે મને સતત પ્રાર્થના કરતા હોય છે, તે કારણે મારી ફરજ બની જાય છે કે તેની રક્ષા કરવી. મને તાત્કાલિક ખબર પડી કે તે આ અકસ્માતમાં સપડાયો છે. હું ગયો અને તેને મારા બાવડા પર લઈ લીધો અને તેને ગંભીર અકસ્માતથી બચાવી લીધો.'' આ ઘટના જ સ્વામીની સર્વવ્યાપકતા સાબિત કરે છે.

## ઈશ્વર સાથે વાર્તાલાપ કરવો ધ્યાન છે.

હું તો માત્ર તેમની સાથે હરહંમેશ મારા બાળકોની રક્ષા કરવા વાતો કર્યા કરતી અને પ્રાર્થના કરતી રહતી. સ્વામી જે કહેવા માંગે છે તેનો અર્થ આ છે કે જ્યારે તેઓ કહે છે, "સ્વામી જોડે વાતો કરવી એ ધ્યાન છે." તેમને અંતર્યામી માની, તેમનો સંપર્ક કરતા, તેમના માર્ગદર્શન અને મદદ માંગતા, સતત પ્રાર્થના કરતાં રહેવું એ 'ધ્યાન' છે. ધ્યાન શું છે? દુનિયા આખીને વિસ્મૃત કરી, હૈયામાં તેમની જ હાજરી અનુભવવી!

સમગ્ર દિવસ દરમ્યાન જે જે કાર્યો કરવાના હોય, તે દરેક કાર્યમાં તેમની દોરવણી માંગવી અને તેમને અરજ ગુજારવી અને તેમના માર્ગદર્શનનો આશ્રય લેવો, શોધ કરવી. આધ્યાત્મિક રીતે જેમ જેમ તમારો વિકાસ થશે, તેમ તેમ તમારો આંતરિક અવાજ/ભીતરનો સાદ તમારે શું કરવું તેની દોરવણી આપતો રહેશે.

હવે હું ધુપ-દીપ, કપુર અને બીજી અન્ય પૂજા સામગ્રી વડે પૂજા કરતી નથી. સ્વામી તમને કોઈ ગીત, કોઈ પુસ્તક કે કોઈ વ્યક્તિ દ્વારા સંદેશાઓ મોકલે છે, અને સહાય કરે છે. અગાઉ મેં જે ત્રણ પુસ્તકોનો 'સાઈ સંદેશ', 'સાઈ દર્શન' અને 'સાઈકોલોજી' નો ઉલ્લેખ કરેલો, તે મને મારા ઘરે જ મળ્યા. હું નહોતી બહાર ગયેલ કે ન તો મેં તેની ખરીદી કરેલ. આ પુસ્તકો, મારા માટે આધ્યાત્મિક રીતે મદદરૂપ રહ્યા છે.

જ્યારે તમે સ્વામીને સતત કહેતા રહો છો કે સ્વામી, મારો આધ્યાત્મિક વિકાસ કરો, અને હું જે કાંઈ કરું, તે દરેકથી તમને પ્રસન્ન કરવાનો હેતુ સફળ થાવ. તો તે તમને આધ્યાત્મિક રીતે સહાય કરે જ છે. આ નીચે આપેલ ગીત મારી દોહિત્રી (દીકરીની દીકરી) જે સ્વામીની શાળામાં અભ્યાસ કરતી, તેના દ્વારા મને શીખવા મળેલ છે.

**દુનિયાને ચઢાયે ફૂલ તુજે,**
**ખુદકો ચઢાને આઈ હું"**

(દુનિયાએ તમને ફૂલો અર્પણ કરેલ છે, પરંતુ હું તો સ્વયંને-મારી જાતને અર્પિત કરવા માટે આવેલી છું). આ ગીતની દરેક કડી શુદ્ધ અદ્વૈત છે. હું આ ગાઉ છું ત્યારે મારી જાતને હું ઉન્નત અનુભવુ છું.

એક મોટી ઉંમરની વ્યક્તિએ મને કહ્યું કે તેણીનું આખુ શરીર પીડાથી તૂટે છે, દુઃખે છે. પરંતુ તેણી માટે ભગવાનની વાતો કરવી એ પેઈનકીલર છે. જ્યારે ભગવાન વિશે વાતો કરે છે ત્યારે તેને કોઈ દર્દ અનુભવાતુ નથી! તેથી તેણી ભગવાન વિશેની વાતો કરવા ઈચ્છે છે. આ દર્શાવે છે કે તેણી તે અવસ્થામાં ઉત્ક્રાંન્તિ પામે છે. તેણી નિષ્ઠાવાન છે. સ્વામી કહે છે, "સાદા, સરળ અને સંન્નિષ્ઠ બનો અને તમારાથી બનતો સર્વોત્તમ પ્રયત્ન કરો. અને જુઓ  હું તમને કેવી રીતે ઉચ્ચ સ્થિતિએ/ઉપર લઈ જઈશ!".

**શ્રદ્ધા (આસ્થા) ની તાકાત.**

મારી દીકરી અને હું મારા દોહિત્ર-દોહિત્રીઓને બાબાની શાળામાં અભ્યાસ કરાવવા ઈચ્છતા હતા. મારા કુટુંબમાં બીજા બધા કરતા, આ બાબતે હું વધારે ઉત્સુક હતી. આમ છતાં મારા જમાઈને બાળકોને પુટ્ટપર્તિ મોકલવાનો વિચાર પસંદ ન પડ્યો. તેથી તેઓને સ્વામીની શાળામાં મોકલવા જમાઈ ઈચ્છતા નહોતા. જો કે તેઓ મારા જ દોહિત્ર અને દોહિત્રીઓ (દીકરીની દીકરી-દિકરા) છે, છતાં તેમની ઈચ્છા વિરૂદ્ધ, નિર્ણય કરવાનું દબાણ હું કરી શકી નહીં. તેથી મેં સ્વામીને પ્રાર્થના કરવાનું નક્કી કર્યું. હું એકલી જ પુટ્ટપર્તિ ગઈ અને એક રૂમ લીધો અને ત્યાં રહી ૪૦ દિવસ સુધી તેમને પ્રાર્થના કરી કે બાળકોને તેમની નજીક રહીને અભ્યાસ કરવાની તક મળે. આ પછી મેં મારી પુત્રીને કહ્યું કે તેણી ફરી એક વાર તેના પતિ જોડે વાત કરી જુએ, જ્યારે તેણીએ વાત કરી, ત્યારે તેમણે (જમાઈએ) કહ્યું, "કદાચ આ જ સારું છે. ચાલો આપણે પ્રયત્ન કરીએ." તેમનો અભિપ્રાય બદલાઈ ગયો હતો.

મારી પુત્રીએ પ્રવેશ માટેની અરજી વિગેરેની પ્રક્રિયા શરૂ કરી. ધ્રુવ મારો દોહિત્ર (દીકરીનો દીકરો) હતો, જે આઠમાં ધોરણમાં હતો અને મારી બે દોહિત્રીઓ છઠ્ઠા અને સાતમા ધોરણમાં હતી. તેઓ વેલી સ્કુલ, બેંગલુરુમાં ભણતા હતા. મારી પુત્રીને જાણ કરવામાં આવી કે તેને ધ્રુવ માટે એક કાર્ડ મળશે. તેનો ટેસ્ટ/ઈન્ટરવ્યુ લેવાશે. શાળામાં પ્રવેશની તારીખથી એક મહિનો અગાઉ મારી પુત્રીએ કહ્યું, "અમ્મા, ધ્રુવને લઈને તમે પુટ્ટપર્તિ જાવ અને તેને અંગ્રેજી, સામાન્ય જ્ઞાન અને બીજા વિષયોમાં પ્રશિક્ષિત કરો. કારણ કે મારે તો બેંગલુરુમાં જ રોકાવું પડશે. તેથી મારા દોહિત્ર અને હું, પ્રવેશની તારીખ પહેલા એક મહિનો વહેલા પુટ્ટપર્તિ આવી પહોંચ્યા. સ્વામીએ મને સાઉથ

બ્લોકમાં એક રૂમ ફાળવ્યો. તે સરસ રૂમ હતો. તે મંદિરની બહુજ નજીકમાં હતો. તેથી અમે ત્યાં નિવાસ કર્યો.

પ્રવેશના દિવસ અગાઉ, થોડાક દિવસ પહેલા રાત્રિના ૯ વાગ્યે જ્યારે અમે સુવા જવાની તૈયાર કરતા હતા, ત્યારે કોઈએ બારણે ટકોરા માર્યા. મેં જ્યારે બારણું ખોલ્યું ત્યારે તેણે કહ્યું, "મહેરબાની કરીને તમારા દોહિત્રને મારી સાથે તાત્કાલિક મોકલો. શ્રી કુટુમ્બરાવ તેની જોડે વાત કરવા ઈચ્છે છે." મને નવાઈ લાગી કે શા માટે કુટુમ્બરાવ (જે આશ્રમના સેક્રેટરી તે વખતે હતા) મારા દોહિત્ર સાથે વાત કરવા ઈચ્છતા હતા, અને હું પણ તેમની જોડે જવા ઈચ્છતી હતી પરંતુ તેણે આગ્રહ કર્યો કે શ્રી કુટમ્બારાવ માત્ર ધ્રુવ જ આવે તેવું ઈચ્છતા તેથી મેં તેને તે સજ્જન જોડે મોકલી આપ્યો. તે પાછો આવતા, તેને કુટુમ્બરાવ જોડે શું વાતચિત થઈ તે મેં પૂછ્યું, ધ્રુવે કહ્યું, તેને બધા જ પ્રકારના પ્રશ્નો પૂછવામાં આવ્યા. કસોટીના આગલા દિવસની સાંજ સુધી અમને કાર્ડ મળેલું નહોતું. ચિંતિત બની મેં મારી પુત્રીને પુછ્યું અને તેણીએ કહ્યું કે, તેણીને પણ તે મળેલ નથી. તે દિવસે હું આગળની હરોળમાં બેઠી હતી, જ્યારે સ્વામી આવી પહોંચ્યા ત્યારે મેં તેમને કહ્યું, "સ્વામી તમે અમને ધ્રુવના પ્રવેશ માટે પરવાનગી આપેલી પણ અમને હજુ સુધી કાર્ડ મળેલ નથી. તે કેવી રીતે ટેસ્ટ આપી શકશે?" સ્વામીએ કહ્યું, "કાર્ડ નથી? કાર્ડની ચિંતાકરશો નહિ. તેને ટેસ્ટ માટે કાર્ડ વગર મોકલી આપો." મેં આગ્રહ ચાલુ રાખ્યો, "સ્વામી પણ તે મુશ્કેલીમાં મૂકાશે! કાર્ડ વિના તેઓ તેને દાખલ થવા જ નહિ દે." સ્વામીએ કહ્યું. "મેં તમને કહ્યું તો છે ! હું તેની કાળજી લઈશ, તેને જવા દો અને ટેસ્ટ આપવા દો."

બીજા દિવસે સવારે મેં તેને કાર્ડ વગર જ મોકલી આપ્યો. કોઈએ તેને અટકાવ્યો નહિ અને જે ક્ષણે તેઓએ તેનું નામ સાંભળ્યું કે તરત જ તેને પ્રવેશવા દીધો. છેવટે તે શ્રી હબ્બુ, પ્રિન્સીપાલ પાસે ગયો. તેમણે તેને અંદર આવવા કહ્યું. તેણે ટેસ્ટ લખ્યો અને શાળામાં પ્રવેશ અપાઈ ગયો.

જે કાંઈ ઘટના બની તેની જાણ તો મને પાછળથી થઈ. શ્રીમતિ હબ્બુ, મારી પુત્રીની સાસુ (જે પુટ્ટપર્તિમાં લાંબા સમયથી રહેતા)ની ખાસ સખી હતી. જ્યારે શ્રીમતિ હબ્બુ તેણીને મળી ત્યારે, શ્રીમતિ હબ્બુએ-અમારુ કુટુંમ્બ કેટલું નસીબદાર હતું-તે જણાવતા બનેલી ઘટનાની વાત કરી અને કહ્યું કે સ્વામી જાતે પોતાની કારમાં શાળાએ ગયા અને શ્રી હબ્બુને કહ્યું, "આવતી કાલે ધ્રુવ સુબ્બૈયા નામનો છોકરો કાર્ડ વિના પ્રવેશ ટેસ્ટ માટે આવશે. તેને પ્રવેશવા દેજો."

જૂઓ, ભગવાન જોડે સતત વાતો કરવાનું કેટલું અગત્યનું છે ! માત્ર કાર્ડ ન મળ્યું એટલે હું કાંઈ પાછી ના ફરી. જૂઓ શ્રદ્ધા શું કરી શકે છે. તેમની અનુકંપા સામે જૂઓ. તેઓ વ્યક્તિગત રીતે આ એક વિદ્યાર્થી માટે શાળાએ પહોંચ્યા !

## ૧૯૫૦ ના દશેરાની દિવ્ય-ભવ્ય ઉજવણીઓ.

૧૯૫૦ ની સાલ દરમ્યાન દશેરાની ઉજવણીઓ ખૂબજ જુદા પ્રકારની હતી. તે વખતે અમે પાઠમંદિર (જુનું મંદિર) માં રોકાતા. અમે પ્રશાંતિનિલયમમાં શિફ્ટ થયા (રોકાવા આવ્યા) તે પહેલા આવુ હતું. તહેવારની ઉજવણી આજે આપણે જોઈએ છીએ, તેવી નહોતી. સ્વામીને સરઘસાકારમાં, ચાર માણસો દ્વારા પાલખીમાં ઉચકીને લઈ જવાતા. સ્વાભાવિક રીતે જ સ્વામી અમારા કરતા ઊંચા સ્થાને બિરાજતા. અમે ભક્તો તેમની સન્મુખ ભજનો ગાતા ગાતા, પાછળ પાછળ ચાલતા.

તે વખતે રસ્તાઓ પણ સારા નહોતા, અને સરઘસ પણ મોડી રાત્રે શરૂ થતું. અમે પથ્થરો પર અને કાંટાઓને કચડતા ચાલતા, પરંતુ તે બધી

વસ્તુઓ પર ધ્યાન આપ્યા વિના, અમે માત્ર સ્વામીનેજ નિહાળતા. તેનાથી અમને આનંદ મળતો. દરેક ભક્ત તેમને જૂદી જૂદી રીતે જોતા. કેટલાંક તેમને 'દિવ્ય માતા' તરીકે નિહાળતા, અન્ય તેમને ઈષ્ટદેવ તરીકે માનતા.

તે દિવસોમાં સ્વામીનો પોશાક ભવ્ય રહેતો. જે આજે લોકો કદાચ માનશે પણ નહીં. તેમનો પોશાક એક રેશમી ગેરુઆ રંગની જરીની ચમકતી કિનારીઓવાળો હતો, કારણ કે ભક્તો તેમ ઈચ્છતા હતા. દશેરા દરમ્યાન તેઓ દિવ્ય માતાની પ્રતિમા સ્વરૂપે છે તેથી તેઓ સાદા લુંગી જેવા પીતવસ્ત્રમાં ન હોઈ શકે, આથી ભક્તો તેમને સુંદર રીતે વસ્ત્ર પરિધાન કરાવતા અને સ્વામી પણ તેઓને તેવું કરવા દેતા. આ રીતે સરઘસ પુટ્ટપર્તિમાં છવાઈ જતું, છતા પણ તે વખતે પુટ્ટપર્તિ એક નાનકડુ સ્થળ હતું. તેને માત્ર બે જ ગલીઓ હતી. સમગ્ર સ્થળ જંગલ જેવું હતું. ત્યાં કોઈ મકાનો કે રસ્તાઓ નહોતા. હકીકતમાં વસ્તી માત્ર ૩૦૦ વ્યક્તિઓની હતી.

વરઘોડો રાત્રે બાર અથવા એક વાગ્યે સમાપ્ત થતો પરંતુ અમારા માટે થાક જેવું લાગતું નહોતું. જેના પર હું ભાર મૂકવા ઈચ્છુ છું તે એ છે કે અમને ભાગ્યે જ ઊંઘ આવતી અને ખૂબ જ ઓછુ ખાવાનું થતું. કારણકે તે સમયે ત્યાં કોઈ યોગ્ય સ્ટોર નહોતો. માત્ર એક જ સ્ટોર જ્યાં ખૂબ જ હલકી ગુણવત્તાવાળા ચોખા, મસુરની દાળ અને બીજી વસ્તુઓ મળતી જે રસોઈ બનાવવામાં ખાસ્સો લાંબો સમય લેતી. આથી અમે દાળ, રસોઈ માટેનું તેલ અને બીજા ખાદ્ય પદાર્થો બે મોટી પતરાનીપેટીઓમાં ભરીને અમારી જોડે લાવતા. અમે રસોઈ પણ ઝડપથી બનાવી શકતા નહોતા કારણ કે અમારે ઈંધણના લાકડાઓ પર આધાર રાખવો પડતો. અમે ખુલ્લામાં રસોઈ બનાવતા કારણકે અમારે માટે ત્યાં રસોઈઘરો નહોતા. ૧૯૫૦ ના તે દિવસોમાં આવું બધું હતું.

**આનંદપ્રદ ઝુલા દર્શન.**

ત્યાર બાદ પ્રશાંતિનિલયમમાં 'ઝુલા દર્શન' (હિંચકા પર સ્વામીનું બિરાજમાન થવું)ની શરૂઆત થઈ. દશેરાના છેલ્લા દિવસે, જે વિજ્યા દશમીનો દિવસ કહેવાય છે. એક ખૂબ જ સુંદર રીતે શણગારેલા ઝુલા પર સ્વામી બેસતા. જે ઝુલાને અસંખ્ય ફુલોથી શણગારવામાં આવતો. સ્વામી પણ ભવ્ય પોશાકમાં આવતા. ભક્તો ગીતો ગાતા અને હળવેથી ઝૂલાને ઝુલાવતા. આ બધું વિજયા દશમીની રાત્રે થતું તેથી ઝૂલાકાર્યક્રમ કહેવાતો અને તે રાત્રિના સાડા દસ વાગ્યે, ભોજન પછી જ થતો.

તે દિવસો દરમ્યાન દરેક બાબત ખૂબ જ અનૌપચારિક રીતે થતી. દરેક જણ ઝૂલાની આજુ બાજુ બેસતા. તે સમયે કોઈ બંધનો ન હતા. જો તમે વહેલા જાવ તો તમને જગ્યા મળી જાય. તે પછી બધુ ધીરે ધીરે બદલાઈ ગયું. તેમના જન્મ દિવસે અમે બધા જઈ શક્તા અને તેમને હાર પહેરાવતા, નમસ્કાર કરતા. દરેકને અંદર આવવા દેવામાં આવતા તે કોઈને પણ તક આપતા તે ખુરસીમાં બેસતા. માતા ઈશ્વરઅમ્મા તેમને તેલ ચોળતા. ત્યાર પછી તો અમે તેમની પાસે કતાર (હાર)માં જતા અને તેમના જન્મ દિવસે ફૂલોનો હાર અર્પિત કરતા, જેનો તેઓ સ્વીકાર કરતા.

આજે, અબલત્ત પુષ્કળ પરિવર્તન થયેલ છે. ઉજવણીઓ પણ પૂરેપૂરી બદલાઈ ગયેલ છે. અને તે વખતે દરરોજ બે વાર પાદનમસ્કાર પ્રાપ્ત થતાં કારણ બહુ ઓછા ભક્તો હતા. ભૌતિકરીતે તે શક્ય હતું. આજે આવી વસ્તુઓ માનવીય સ્તરે શક્ય નથી.

**મનોવાંચ્છિત (ઈચ્છા) પરિપૂર્ણ કરતા.**

એક નાનકડી પીળા રંગની થેલી કે જે હાલમાં મારી દિકરી પાસે છે તે અંગેની વાત હું તમારી સાથે

કરવા ઈચ્છુ છું. ૧૯૫૦ અને ૬૦ ના દાયકા દરમ્યાન નવી દિલ્હીના ભક્તો ખૂબ નસીબદાર હતાં. કેટલીક વાર તહેવારો જેવા કે દશેરા અથવા સ્વામીના જન્મ દિવસે ભક્તો પુટ્ટપર્તિ જઈ શકતા નહોતા, ત્યારે બીજાઓ જે કાર્યક્રમો પર ગયેલા હોય, તેઓ તેમના માટે પ્રસાદ લઈને પાછા ફરતા. આમ છતાં હું તો એટલી બધી નસીબદાર નહોતી કારણ કે હું ઈન્દોરમાં રહેતી હતી, અને ત્યાં કોઈ ભક્તો હતા જ નહીં. આથી ઉલ્ટુ, મારી બે બહેનો દિલ્હીમાં રહેતી હતી. પ્રસંગોપાત, તેઓની સાથે પુટ્ટપર્તિની મુસાફરીમાં હું જોડાતી તો કેટલીક વખત હું જોડાઈ શક્તી નહોતી. તે વખતે હું ઉદાસ બની જતી અને પ્રસાદની તક ચૂકી જવાનું વાગોળી, મારી જાત પર જ દયા ખાતી અને અફસોસ કરતી. મેં સાચા મનથી સ્વામીને કહ્યું, "હું ખુબ જ કમભાગી છું. હું ઈન્દોરમાં રોકાયેલી છું અને અહીંયા કોઈ સાઈ ભક્ત જ નથી. હું જ માત્ર એક સાઈ ભક્ત છું. આવા સ્થળે હોવા માટે મેં કોઈ ખરાબ કર્મો કર્યા હશે."

એક દિવસ, મધ્યાહ્નકાળ પછીના સમયે અમારો રસોઈયો, જે અમારી જોડે રહેતો નહોતો, તેણે બારણાની ઘંટડી વગાડી. હું બારણું ખોલવા ગઈ તો બારણા આગળ જ એક પીળા રંગની-દોરીવાળી કોથળી જમીન પર પડેલી જોઈ. ભુલથી મારા રસોયાની હશે તેવું માની તેને પૂછ્યું કે તે તેની થેલી છે?. "ના, અમ્મા," તેણે કહ્યું. જિજ્ઞાસુ બનીને તે ખોલવા લાગી. મારા આશ્ચર્ય વચ્ચે મેં જોયું કે તે વિભુતિ અને કુમકુમના પડીકાઓથી ભરેલી હતી. હું સમજી ગઈ કે સ્વામી ખરેખર સર્વ વ્યાપક છે. જૂઓ હું પ્રસાદની તકચૂકી જવા બદલ વિલાપ કરતી હતી અને ભગવાને મારા બારણાના પગથિયે પ્રસાદ પહોંચાડી દીધો. આ છે ભગવાનની કૃપા. તે કિંમતિ કોથળી/થેલી મારી દીકરીને મેં આપી દીધી છે.

તમે કદાચ ગૃહસ્થ હશો, પરંતુ ભગવાનને તમે સાચી રીતે પ્રેમ કરો અને તમે માનો છો કે તમે માત્ર ઈશ્વર માટે જ જીવી રહ્યા છો, ત્યારે તે સાંભળે છે. (વધુ આવતા અંકે...)

**સૌજન્ય: શ્રી સત્ય સાઈ મીડિયા સેન્ટર**

**લેખિકા- લગભગ ૬૦ વર્ષોથી એક નિષ્ઠાવાન અને સમર્પિત ભક્ત છે, ૧૯૫૦ ના અરસામાં ભગવાન બાબા પાસે આવ્યા હતાં. ભગવાન તેમને 'રાણી મા' કહીને બોલાવતા હતા. તેમનું જીવન સ્વામીની દિવ્યતા અંગે ઝળહળતા અનુભવોનો ખજાનો હતું.**

તમારે તમારી માતાને સુખી કરવાની છે. ત્યારેજ દુનિયામાં સુખ અને શાંતિ સ્થપાશે. પોતાનાં માબાપનો આદર ન કરાતો હોય, તો ઈશ્વરની પૂજા કરવાનો કોઈજ અર્થ રહેતો નથી. સૌથી પહેલાં તમારી માતાની પૂજા કરો. કારણ કે એણેજ તમને જન્મ આપ્યો છે. જો માતાનું હૃદય અૃમતમય હશે તોજ સમગ્ર વિશ્વ પણ અમૃતમય બની જશે. કૌશલ્યાની પ્રેમાળ સંભાળ હેઠળજ શ્રીરામનું દિવ્યત્વ પાંગરી ઊઠ્યું, કૌશલ્યાના ગર્ભાશયમાંથી જન્મ લીધો હોવાથી શ્રીરામમાં કૌશલ્યાના સદ્દગુણો ઉતર્યા. એટલેજ ભગવાન તરીકે એમની પૂજા કરવામાં આવે છે. જીજાબાઈ જેવી પવિત્ર મહિલાની કૂખે જન્મ લીધો હોવાથી, શિવાજી પોતાના દેશ માટે આટલો ત્યાગ કરી શક્યા. માતાનાં ઉમદા વ્યક્તિત્વને લીધે બાળકો ભાગ્યશાળી નીવડે છે.

**- ભગવાન શ્રી સત્ય સાઈ બાબા**

(મુંબઈ ધર્મક્ષેત્ર ખાતે તા:૧ જુન ૨૦૦૧ ના રોજ આપેલ દિવ્ય સંદેશ)

અવતાર વાણી

# અમરત્વની પ્રાપ્તિ માટે ઉન્નત દ્રષ્ટિ

"ધ્યાનમાં વપરાતો એક શબ્દ છે ઉર્ધ્વ દ્રષ્ટિ- ઉપર તરફ દ્રષ્ટિ, જે બે ભૃકુટી (ભંવા)ની વચ્ચેના મધ્યબિંદુ પર, બન્ને આંખો ઉપરતરફ લઈ જવાની કસરત સૂચવે છે. ઉર્ધ્વ એટલે ઉપરની તરફનો અને દ્રષ્ટિ એટલે દ્રષ્ટિ, તેવો શબ્દનો અર્થ થાય છે. અહીં શારીરિક કસરત નહીં પરંતુ નિમ્ન કક્ષાની ઇચ્છાઓ ટાળવા માટે અને પોતાની જાતને જાતે જ ઉચ્ચ મૂલ્યો તરફ લઈ જવાનો સતત ચાલતો પ્રયત્ન છે. આવા પ્રયત્નોથી જ અમૃત મળશે, અને હૃદયના ઝરણાંમાંથી વહેશે", એવું ભગવાને એમના ૧૧મી જાન્યુઆરી ૧૯૬૮ના વાર્તાલાપમાં કહ્યું હતું

**વિશ્વાસની દ્રઢતા ભગવાનની કૃપા કમાય છે.**

આ દિવસ બમણા આશીર્વાદનો દિવસ છે, કારણ કે તે ગુરુવાર છે, ગુરૂવાર 'ગુરૂ' નો દિવસ છે એમ દર્શાવે છે-મુક્તિનો માર્ગ બતાવતો દિવસ. તે એ દિવસ પણ છે કે તે દિવસે સદીઓ પહેલાં, અર્જુનને કૃષ્ણ દ્વારા ગીતાનું જ્ઞાન આપવામાં આવ્યું હતું. તે દિવસે માણસને તેમની પ્રગતિની ચાવી મળી હતી, જુઠ્ઠાણું અને ભ્રમણાં તરફથી તેની પોતાની આંતરિક વાસ્તવિકતા તરફનો પ્રકાશ મળ્યો હતો. અર્જુનને યુદ્ધમાં ભાગ લેવા, એના ભાગનું રાજ્ય ફરીથી જીતવા અને લોકોને ન્યાયી વહીવટની ખાતરી આપી એવું વાતાવરણ સર્જવું કે જ્યાં તેઓ મુક્તિ મેળવવા માટે સફળતાપૂર્વક પ્રયત્નો કરે. આ તેણે સમર્પણ અને શરણાગતિના ભાવથી, ભગવાનની ઇચ્છા મુજબ, પોતાના ગમા અને અણગમાની પરવા કર્યા વિના અને પોતાના નિષ્કામ કર્મોને કારણે, જે પણ પરિણામો આવે તેની ચિંતા કર્યા વગર કરવાનું હતું. તેથી, ભગવદ્ગીતા સલાહ આપે છે કે સંઘ(સમાજ)ની સેવા એ સૌથી શ્રેષ્ઠ સેવા છે અને સૌથી લાભદાયી સાધના (આધ્યાત્મિક સાધના) છે. તમે આ જવાબદારીમાંથી ભાગી શકતા નથી. તમારે તમારા અહંકારને નાબૂદ કરીને તમારી જાતને બચાવવા માટે, આ જ વ્યક્તિઓનો-સમાજનો ઉપયોગ કરવો પડે છે કે જેમાં તમે જન્મ્યા છે.

સેવાને 'સાધના' તરીકે સ્વીકારી લેવાથી જ સહના (મનોબળ) આવે છે. અવતારો પણ તેમના જીવન દ્વારા "સેવા" ને જ સર્વોચ્ચ મહત્વ આપે છે. જ્યારે ધર્મરાજે રાજસૂય યજ્ઞ કર્યો ત્યારે ભગવાને પણ યજ્ઞમાં હાજરી આપી હતી અને સેવાની માંગણી કરી હતી. દરરોજ હજારો લોકોને ભોજન પીરસવામાં આવતું તેમના એંઠા પાંદડાઓ (પતરાળીઓ) ઊંચકવાના હતા એ સેવા સ્વીકારી હતી. આમ, સેવા જ એમને પ્રિય હતી, માટે જ તેઓ તે યુગના રાજ નિર્માતા અને દરેકને અનુશાસિત કરવાવાળા થયા.

**નિમ્ન કક્ષાની ઇચ્છાઓ ટાળવા માટે તમારી દ્રષ્ટિ ઉપર તરફ કરો.**

આજે વૈકુંઠ એકાદશી હોવાને કારણે ઘણા મારી પાસેથી અમૃત મેળવવાની ઝંખના કરે છે. પરંતુ મારા દ્વારા સર્જિત કરાયેલ અમૃતના થોડાં ટીપાંઓ ગળી જવાથી શો ફાયદો થશે ? એ ત્યારે જ સંભવ બને છે કે આપણાં દરેકના હૃદયમાં ચાલતા રાજસિક અને તામસિક ગુણોના યુદ્ધમાં જ્યારે સાત્વિક ગુણો જીતી જાય. તે સમયે તેમાંથી અમૃત પેદા થાય છે તે અમૃત જ અમરત્વ પેદા કરે છે. તેને કોઈપણ વ્યક્તિ પોતાની સાધનાથી જ જીતી શકે છે. ધ્યાનમાં વપરાતો એક શબ્દ છે ઉર્ધ્વદ્રષ્ટિ-ઉપર તરફ દ્રષ્ટિ, જે બે ભૃકુટી (ભંવા)ની વચ્ચેના મધ્યબિંદુ પર, બન્ને આંખો ઉપરતરફ લઈ જવાની કસરત સૂચવે છે. ઉર્ધ્વ એટલે ઉપરની તરફનો અને દ્રષ્ટિ એટલે દ્રષ્ટિ, તેવો શબ્દનો અર્થ થાય છે. અહીં, શારીરિક કસરત નહીં પરંતુ નિમ્ન કક્ષાની ઇચ્છાઓ ટાળવા માટે અને પોતાની જાતને જાતે જ

ઉચ્ચ મૂલ્યો તરફ લઈ જવાનો સતત ચાલતો પ્રયત્ન છે. આવા પ્રયત્નોથી જ અમૃત મળશે અને તે હૃદયના ઝરણાં માંથી વહેશે.

અમૃતનો અર્થ થાય છે અમરત્વ. એનો અર્થ એ નથી કે જે અમૃત લે એ હંમેશને માટે જીવતા રહેશે. અરે, અવતારો પણ જ્યારે તેમનું કાર્ય પૂર્ણ થાય છે ત્યારે શરીરનો ત્યાગ કરી દે છે. એનો અર્થ એ થાય છે કે મનને વાસ્તવિકતા ઉપર સ્થિર કરવું. અવિનાશી અસ્તિત્વ કે જે એક છે તેમાં તે ચેતનાને ભેળવી દે છે. દાનવો તરફ જુઓ, રાવણ અને કુંભકર્ણ હજારો વર્ષોથી આત્યંતિક તપસ્યા કરતા હતા. ભગવાન તેમની પ્રાર્થના સાંભળી તેમની સમક્ષ પ્રગટ થાય છે અને તેમને આશીર્વાદ પણ આપે છે. પરંતુ તેમણે સંયમ જીત્યો નહોતો, તેમનામાં શુદ્ધતા અને સ્વચ્છતા, સદ્દગુણ અને નમ્રતા નહોતાં. તેઓ હંમેશની જેમ દુષ્ટ અને હિંસક કૃત્યો આચાર હતા. તેઓમાં સાત્વિક ગુણોનો કોઈ અંશજ ન હતો.ભગવાનની તેઓ પર અત્યંત કૃપા હતી પરંતુ તેઓએ પહેલાંના કરતાં પણ વધુ ખરાબ વર્તન કર્યું. તેઓએ તેમની જીવનશૈલી દ્વારા જીતેલી કૃપાને પણ વ્યર્થ (નકામી) કરી દીધી.

## દુષ્ટતાને ટાળો અને શ્રદ્ધામાં દ્રઢ રહો.

તેથી, પણ, જો અમૃત આપવામાં આવે, તો વ્યક્તિએ ભગવાનની દૈવી કૃપા પ્રાપ્ત કરી હોય તે સ્થિતિને અનુરૂપ જીવન જીવવું જોઈએ. ગુરુ વસિષ્ઠે સમ્રાટ રઘુને પોતાની ગાયની સંભાળ રાખવાનું કામ સોંપ્યું. એમને કહેવાયું કે દૈવી કામધેનુની સંભાળ રાખો. આ એક આદેશ હતો. જે તેમના આધ્યાત્મિક ગુરૂ તરફથી બહાર પડાયો હતો. સમ્રાટ રઘુએ જાતે જ આ કામ હાથમાં લીધું અને ગાયને ગોચરમાં દોરી ગયો. એક દિવસ, જ્યારે સિંહે કામધેનુ ઉપર ત્રાટકવાની ધમકી આપી અને આગ્રહ કર્યો કે તે ગાયને તેના ખોરાક માટે આપવામાં આવે કારણ કે તે ભૂખ્યો છે. ત્યારે રાજાએ ગાયને બદલે પોતાનું શરીર આપ્યું. તેથી દરેક વ્યક્તિએ પોતાને સોંપવામાં આવેલી જવાબદારી પ્રમાણે વર્તવું જોઈએ.

જ્યારે તમને અમૃત પ્રાપ્ત કરવાના દરજ્જા ઉપર ઉછેરવામાં આવે છે, ત્યારે તમારે દુષ્ટતાથી દૂર રહેવું જોઈએ અને વિશ્વાસમાં દ્રઢ રહેવું જોઈએ. આથી આ વૈકુંઠ એકાદશીએ મારો અમૃત બનાવવાનો અને આપવાનો કોઈ ઈરાદો નથી. કારણ કે જે રસ્તો મેં દોરી આપ્યો છે તેના પર કોઈ ચાલતું નથી. હું જે સલાહ આપું છું તેની કોઈના પર અસર થતી નથી. તમારો ઉત્સાહ અલ્પજીવી છે. મારી સૂચનાઓને અનુસારવાનો તમારો નિર્ણય વરાળની માફક તરત જ ઊડી જાય છે. જેવી રીતે દૂધમાં ઉભરો આવે છે, ત્યારે તે તરત જ ઉભરાઈ જાય છે અને પછી શાંત પડી જાય છે. તેવીજ રીતે ભક્તિ પણ વિકસે છે અને પછી તરત જ વિરમી જાય છે. તે અટલ રહેતી નથી.

આજે, કેટલાંક વિષ્ણુ મંદિરોમાં, ખાસ દરવાજાઓ કે જે વૈકુંઠ દ્વાર કહેવાય છે તે ખુલ્લા છે. લોકો તેમાંથી પસાર થઈ શકે છે. વૈકુંઠદ્વાર એ સ્વર્ગનો દરવાજો છે એટલે કે ખરેખર તો તે આત્મ-સાક્ષાત્કારનો દરવાજો છે. સ્વર્ગનું દ્વાર ફક્ત ત્યાં જ હોય છે એવું નથી. તે ખુલશે. એની ઉપર ટકોરા મારો અને તમારી સામે જ તમે જ્યાં હશો ત્યાં તે ખુલશે.

## પીડિત લોકો માટે તમારા હૃદયને સહાનુભૂતિથી ભરો.

વિષ્ણુ એટલે સર્વવ્યાપી (કે જે દરેક જગ્યાએ છે). તેથી એનું નિવાસસ્થાન વૈકુંઠ(સ્વર્ગ) એ પણ દરેક જગ્યાએ જ હોવું જ જોઈએ. તેમાં તમે પ્રવેશ મેળવી શકો. તે માટે તમારે તમારા હોઠ ઉપર સાચો પાસવર્ડ લગાવવાનો છે. જો તમે તમારું હૃદય ચોખ્ખું કરો, શુદ્ધ કરો અને ભગવાનને એમાં પ્રગટ થવા દો, તો તમારું હૃદય વૈકુંઠ બની શકે. "એવી જગ્યા કે જ્યાં દુ:ખનો પડછાયો નથી"- એવો અર્થ વૈકુંઠનો થાય છે. જ્યારે ભગવાન તમારા

હૃદયમાં પ્રગટ થાય છે ત્યારે ત્યાં સંપૂર્ણ મુક્તિ છે.

ગાય-ઘાસ અને કઠોળ ખાય છે અને તેને મધુર શક્તિ આપનાર દૂધમાં પરિવર્તિત કરે છે. તેના માલિકને તે પુષ્કળ પ્રમાણમાં દૂધ આપે છે. તેવી ગુણવત્તા, તેવી શક્તિનો વિકાસ કરો. તમે જે ખોરાક લો છો તેને મીઠા વિચારોમાં, મીઠા શબ્દોમાં અને દરેક માટે સહાનુભૂતિમાં પરિવર્તિત કરો. બાળકૃષ્ણ રડતો અને એની માં પાસે મંજૂરી માંગતો કે તેને ગાયોની સાથે ગોચરમાં જવા દેવામાં આવે. ત્યારે માતા યશોદા કહેતી, "પ્રિય બાળક ! તારા રેશમી પગોના તળિયાં વડે તું ત્યાં કાંટા અને કાંકરાઓથી ભરેલા રસ્તા ઉપર ચાલી શકશે નહીં. હું તારા માટે સુંદર નાના પગરખા લઈ આવીશ ત્યાર પછી તું જઈ શકશે." પરંતુ બાળકૃષ્ણે ફરી માને કહ્યું, "અમે જે ગાયોની સેવા કરીએ છીએ તેઓ પાસેતો પગરખા નથી, અને આપણે તો તેના સેવકો છીએ, જો તેઓ કાંટા અને પથ્થરો ભરેલો માર્ગ છોડી ન શકતા હોય, તો આપણે શા માટે એવા માર્ગ પર ચાલવાનું ત્યજવું જોઈએ." એમાં આશ્ચર્ય નથી, જ્યારે કૃષ્ણ મથુરા જવા નીકળ્યા ત્યારે ગોકુળની ગાયો અને વાછરડાંઓ સ્તબ્ધ થઈ ગયાં અને રડવાં લાગ્યાં !

જ્યારે તમે દુઃખી લોકો માટે હૃદયને સહાનુભૂતિથી ભરી દો છો ત્યારે ભગવાન તમારા ઉપર કૃપા વરસાવે છે. દ્રૌપદીએ તેની ભક્તિ અને સદ્ગુણો દ્વારા ભગવાનની કૃપા પ્રાપ્ત કરી હતી. સીતા પણ ગંભીર વેદનાઓ સહન કરીને જીવનમાં સર્વોચ્ચ આદર્શોને વળગી રહી હતી. જ્યાં એમના અપહરણકારે એમને બંધક બનાવીને રાખી હતી તેવા સીતાજીને હનુમાને વાટિકામાંથી શોધી કાઢયાં અને પ્રસ્તાવ મૂક્યો કે તેઓ સીતાને એમના ખભા ઉપર બેસાડીને સલામતીપૂર્વક ભગવાન શ્રીરામ પાસે લઈ જશે. પરંતુ સીતાએ જવાબ આપ્યો કે તેઓ હનુમાનને રાવણની કસ્ટડી(જેલ)માંથી લઈ જવાની મંજૂરી આપશે નહીં કારણ કે તેવું કરવાથી રાવણને એના  અપરાધની સજા કરવાની તકથી રામ વંચિત રહી જશે. રામ પોતાની વીરતાથી જ સીતાને પુનઃ પ્રાપ્ત કરી શકશે. કેટલા શાનદાર શબ્દો છે આ ! ધર્મના આદર્શો સાથે તદ્દન સુસંગત. એમાં કોઈ આશ્ચર્ય નથી કે, પ્રભુની કૃપાએ જ તેને બચાવી. જો તમારી પાસે અડગતા નથી અને વિશ્વાસની ઊંડાઈ નથી, તો તમને કોઈ કૃપા પ્રાપ્ત થઈ શકે નહીં.

આ ચેતવણી જ તમારે માટે આજે અમૃત છે. કારણ કે કઠોર શબ્દો કડવાશને ઉશ્કેરે છે. શિસ્તનું પાલન કરીને કૃપા મેળવવાનો પ્રયત્ન કરો. મને ખાત્રી છે કે તમે તેનું ચૂસ્તપણે પાલન કરશો. લોભ, વાસના, દ્વેષ અને અહંતાના માર્ગે કમાવવું, ખર્ચવું, બચાવવું કે ભેગું કરવા જેવી દુન્યવી રીતોને છોડીદો અને તમારા જીવનને પુનઃસ્થાપિત કરો જેથી હું તમારા ઉપર પ્રસન્ન થઈશ.

**(પ્રશાંતિ નિલયમ ખાતે ૧૧મી જાન્યુઆરી, ૧૯૬૮ના રોજ ભગવાને આપેલ પ્રવચનનો ટૂંકસાર)**

## માયા શક્તિઃ

માયા માનવીને અનેક ગુંચળામાં ભરેવી દે છે આ વિશ્વ ૨૫ ચીજોનું બનેલું છે તે મૂઢતાને વશ થાય છે. તમે જાગતા હો છો ત્યારે તમે જુઓ છો, સાંભળો છો, અનુભવો છો, નિંદ્રામાં તમે સ્વપ્નમાં ડુબી જાવ છો. તે અવસ્થામાં તમારા જાગ્રતાવસ્થાના અનુભવોને શું થાય છે? તમે સ્વપ્નાવસ્થાના અનુભવોને સાચા માનો છો. તમે નિંદ્રામાં હો ત્યાં સુધીજ સાચા માનો છો, જેવા તમે જાગો છો કે સ્વપ્નાવસ્થાના અનુભવોની અવાસ્તવિકતા સ્વીકારો છો. સત્ય શું છે? જાગ્રતાવસ્થાની અનુભૂતિ કે સ્વપ્નાવસ્થાની અનુભૂતિ. પહેલું દિવાસ્વપ્ન છે, બીજું રાત્રિ સ્વપ્ન છે. બન્ને સ્વપ્ન છે.

**- ભગવાન શ્રી સત્ય સાઈ બાબા**

(૨૧ મે ૧૯૯૩ ના રોજ સાઈ રમેશ સભામંડપ ખાતે આપેલ પ્રવચનમાંથી)

# ભગવાન શ્રી સત્યસાઈ બાબા સાથેના અનુભવો

જ્યોત્સના રેડ્ડી

૧૯૬૫ માં દશેરાના સમયે, જ્યારે સ્વામી વિભૂતિનો અભિષેક કરી રહ્યાં હતાં ત્યારે 'જેડ' (એક લીલા ઘેરા રંગનો પથ્થર) (રત્ન) મારા ખોળામાં પડ્યો. મેં વિચાર્યું કે મારે તે રાખી લેવો જોઈએ અને જ્યારે મને સ્વામી બોલાવે ત્યારે તે તેમને પાછો આપી દઇશ. તેથી મારી બીજી મુલાકાતમાં મેં તે તેમને આપતા કહ્યું, "સ્વામી, જ્યારે તમે વિભૂતિનો અભિષેક કરી રહ્યા હતાં, મને આ રત્ન મળ્યો હતો. મહેરબાની કરીને આ પાછો લઈ લો." તેમણે કહ્યું, "ના, તે તમારા માટે હતો. તેને તમે તમારા લગ્ન પછી મંગળસૂત્રમાં પહેરી લેજો." તેથી મેં મારા લગ્ન પછી તેને મારા મંગળસૂત્રમાં પહેરી લીધો હતો.

**સ્વામી સાથે સરળ, નિષ્ઠાવાન બનો.**

હું પણ લિંગોદ્દભવમ્ ની સાક્ષી હતી. અને તે સમયે સ્વામી પૂર્ણચંદ્ર હૉલમાં મંચ પરથી નીચે ઉતર્યા અને અમને લિંગ બતાવ્યું. અમે જોયું કે તેમાં એક જ્યોતિ હતી જે તેમાં ફરતી હતી. પછી સ્વામીએ કહ્યું, "જે લોકો આ લિંગોદ્દભવમ્ ના સાક્ષી છે તેમનો પુનર્જન્મ થશે નહિ. મને ખબર નથી કે અમે એ સ્તરે આવી ગયાં છીએ કે આ લિંગોદ્દભવનમ્ ના દર્શન કર્યા પછી મોક્ષ પ્રાપ્ત કરી શકીશું. પરંતુ તે (લિંગોદ્દભવમ) જોવું એ પણ એક મહાન આશીર્વાદ છે.

હું જે કાંઇ કહું છું, તે બિલકુલ અધિકૃત વર્ણન છે. તેમાં કોઈ અસત્ય કે અહંકાર નથી. સ્વામી લોકોને અસત્ય અને અહંકારથી દૂર રહેવાની સલાહ આપતા હતાં. મારા પતિ મને કહેતા, "સરળ અને નિષ્ઠાવાન બનો, સ્વામી તમને પ્રેમ કરશે." આ બે શબ્દો તે હંમેશા કહેતા. દરેક વ્યક્તિએ સ્વામી સાથે સરળ અને નિષ્ઠાવાન રહેવું જોઈએ. પછી તેઓને સ્વામીનો પ્રેમ મળશે. તમારે નિર્મલાંગ બનવું પડશે. તેલુગુમાં આપણે 'નિર્મલંગા ઉન્ડલી' (પવિત્ર થાવ) એવું કહીએ છીએ.

**સ્વામી અમારા ઘરની મુલાકાત લે છે.**

સ્વામીએ ૧૯૬૮માં ધર્મક્ષેત્રનું મુંબઈમાં ઉદ્દઘાટન કર્યું, ત્યારે સ્વામીએ સમિતિના તમામ સભ્યોના ઘરની મુલાકાત લીધી હતી. ત્યારે સ્વામીએ ખાર (પશ્ચિમ)માં આવેલા મારા પિતાજીના ઘરની પણ મુલાકાત લીધી હતી. જ્યારે સ્વામી અમારા ઘેર આવ્યા તો અમે સૌ રોમાંચિત થઈ ગયા હતાં. સ્વામીએ અમને આશીર્વાદ આપ્યા. તેમણે ઘરને પણ આશીર્વાદ આપ્યા. અમારા ઘરની તરફ આવતા બધા જ રસ્તાઓ ભક્તોની ભીડથી ભરેલા હતાં. શ્રી જાવા, જોય આઈસ્ક્રીમના માલિક, બાબાની સાથે હતા. તેઓ પણ અમારા ઘેર આવ્યા હતાં. અવાર-નવાર સ્વામી મજાક કરતાં હતાં. તેમણે કહ્યું, "જાવાકા આઈસક્રીમ ઠંડા ઔર દિક્ષિતકા બોન્ડા ગરમ." તેમણે બધાની સાથે આનંદ કર્યો અને અમને આશીર્વાદ આપ્યા.

પછી તેમણે અમને હૈદરાબાદ બોલાવ્યા. તે સમયે તેમણે ત્યાં તેમના નિવાસ સ્થાન 'શિવમ્' નું ભૂમિપૂજન કર્યું હતું. ત્યારે અમે સૌ શ્રી ભગવંતમ્ ના અતિથિ હતાં. અને સ્વામી શ્રી સત્યમૂર્તિના ઘરે રોકાયા હતાં. સ્વામીએ અમને ત્યાં આવવા આમંત્રણ આપ્યું હતું તેથી અમે અવાર-નવાર શ્રી મૂર્તિના ઘરે જતાં. સ્વામી અમને અવાર-નવાર ઈન્ટરવ્યુ માટે બોલાવતા હતાં. સ્વામી એક ઓરડામાં રોકાયા હતાં, બીજા ઓરડામાં ફક્ત વાજીંત્રો જ હતાં, જે અમે મુંબઈથી લાવ્યા હતાં. જેમ કે હારમોનિયમ, ખંજરી, મંજીરા, તબલા અને વાંસળી. સ્વામીએ બોલાવેલા એક વાંસળીવાદક પણ ત્યાં હતાં. સ્વામીની પ્રખર ભક્ત શ્રીમતિ રત્ના સાવુર પણ ત્યાં હતાં. સ્વામી તેમને 'બાર-બાર'

કહેતા કારણ કે તે "બાર બાર આઓ" ભજન ગાતા હતાં. તે ખૂબ જ સુંદર ભજન હતું. અને તે ખૂબ સુંદર રીતે ગાતા પણ હતાં. તેથી સ્વામીએ તેમને પણ બોલાવ્યા હતાં. તેણીએ કહ્યું, "સ્વામી, મને લાગે છે કે હું સ્વર્ગમાં છું. અહીં સ્વામી હાજર છે, ભજનો ચાલી રહ્યાં છે અને વાતાવરણ ખૂબ જ પવિત્ર બની ગયું છે. તેથી મને લાગે છે કે આ સ્વર્ગ જ છે." સ્વામીએ તરત જ પૂછ્યું, "ક્યા કભી સ્વર્ગ દેખા હૈ? તો પછી એવું કેમ બોલો છો?.

સ્વામી મજાક કરતાં હતાં. મારા પિતાજી પાસે હારમોનિયમ હતું. તેના પર DSR અક્ષરો લખેલા હતાં. DSR એ હારમોનિયમ કંપનીનો લોગો હતો. સ્વામીએ મજાક કરતા કહ્યું, "DSR મતલબ દીક્ષિત સાઈ રક્ષિત" (દીક્ષિત સાઈ દ્વારા સુરક્ષિત છે). જ્યારે મારા લગ્ન થયા હતાં ત્યારે સ્વામીએ કહ્યું હતું, "એક બાજુ દીક્ષિત, બીજી બાજુ રેડ્ડી અને વચ્ચે સાઈ. એજ રીતે સ્વામી DSR અક્ષરો પર મજાક કરતા હતાં. શ્રી રાજા રેડ્ડી હંમેશા મને કહેતા, "સ્વામી સૂર્ય જેવા છે તે તમને પ્રકાશ અને સાથે સાથે ગરમી પણ આપે છે, તેથી સ્વામી સાથે (વર્તતી વખતે) સાવધાનીપૂર્વક રહેવું પડશે." જ્યારે મને સ્વામીના વાસ્તવિક સ્વભાવ વિશે ખબર પડી, ત્યારે હું સ્વામી સમક્ષ ખૂબ કાળજીપૂર્વક શબ્દો ઉચ્ચારતી. હું લગભગ તેમની સામે મૌન થઈ જતી.

**મારી સંગીત યાત્રાની શરૂઆત.**

શ્રી રાજા રેડ્ડી સાથેના મારા લગ્ન પહેલા, અમને સ્વામી સાથેની હૈદરાબાદ સફરમાં તેમના આશીર્વાદ મળ્યા હતાં. ત્યાં તેઓ અમને એક ઓરડામાં બોલાવતા હતાં. જ્યાં તેઓ દરેક વાજીંત્રો વગાડતા હતાં. હારમોનિયમ, તબલાં, મંજીરા, ખંજરી. પરંતુ મેં તેમને વાંસળી વગાડતા જોયા નહોતા. તેઓ અમને બોલાવીને કહેતા, "આઓ, બેઠો ઈધર". પછી તેમણે બધા વાજીંત્રો વગાડ્યા અને તેમના ઉંચા સ્વરમાં ગાયું. ત્યાં એમણે મારી માતાને, "ચિત્ત ચોરા યશોદા કે બાલ, નવનીત ચોર ગોપાલ" અને "માધવ મુરહર મધુર મનોહર ગિરિધર ગોપાલા" ભજન શીખવ્યા. તેમણે મને "સાઈ સત્યપાલના" ભજન શીખવ્યું. તે તેમનું પ્રિય ભજન હતું. તે તેમના દ્વારા જ રચવામાં આવ્યું હતું. તેમણે મને "હે શિરડીપૂરી વાસા, હે પર્તિપૂરી વાસા, સર્વેશા સત્ય પાલના, સાઈ સત્યપાલના" શીખવ્યુ. મેં સરળ રીતે ગાયું "સત્ય પાલના, શિરડીપૂરી વાસા સાઈ સર્વેશા". તેમણે કહ્યું ના, તારે આ પ્રમાણે ગાવું જોઈએ, ''શિરડીપૂરી વાસા, હે પર્તિપૂરી વાસા, સર્વેશા સત્યપાલના".

એક સાંજે, જ્યારે અમે શ્રી સત્યમૂર્તિના ઘરે ભજન કરી રહ્યાં હતાં, ત્યારે હું મારી માતા સાથે ગાતી હતી. સ્વામીએ મારી માતાને રોકી અને કહ્યું, "તેને ગાવા દો" તેથી મારા માટે ગાવાનો સમય આવી ગયો હતો. પછી મેં મારૂં પ્રથમ ભજન ગાયું, "સાઈ સત્ય પાલના" પહેલા હું મારી માતા સાથે ગાતી હતી. પછી મને સ્વામીએ તેમની પસંદગીનો અવાજ આપ્યો અને પછી મેં સ્વામીની પસંદગીનું ભજન ગાયું.

અમારી આગળની યાત્રા ધર્મક્ષેત્રની હતી. ત્યાં અમે ગાયકોની મિટીંગ કરી રહ્યાં હતાં ત્યારે સ્વામીએ આવીને મને કહ્યું, "હે સત્ય પાલના, સાઈ સત્ય પાલના" કિસકા ભજન હૈ? મેં કહ્યું, "સ્વામી તમે મને આ ભજન હૈદરાબાદમાં શીખવ્યું હતું". તેઓ મારી કસોટી કરવા માંગતા હતા કે શું હું એમ કહું છું કે સ્વામી આ તો મારૂં ભજન છે. ના તે તો તેમનું જ ભજન હતું.

આ રીતે મારી સંગીતની યાત્રા શરૂ થઈ પછી અમારી પુટ્ટપર્તિની યાત્રા અવાર-નવાર થવા લાગી. અમે મુંબઈમાં વધુ સમય રહી શક્યા નહિ. અવાર-નવાર અમે પુટ્ટપર્તિ આવતા. અમે આકર્ષાઈ ગયા. તેમણે શિરડી સાઈ સતચરિત્રમાં પણ ઉલ્લેખ કર્યો હતો કે "હું મારા ભક્તોને ચિડિયા (ચકલી) ની જેમ મારા ચરણોમાં ખેંચીશ. મેં દોરી મારા હાથમાં પકડી રાખી છે".

## મારું સ્વપ્ન કઈ રીતે સાકાર થયું.

જ્યારે અમે ૧૯૬૯-૭૦ માં પુટ્ટપર્તિ આવ્યા, અમને વેદપાઠશાળાની ઉપર રહેવા માટે કહેવામાં આવ્યું. ત્યારે ત્યાં પાઠશાળા હતી. ત્યાં કોઈ ઓરડા નહોતા. તેથી સ્વામીએ અમને ત્યાં રોકાવા કહ્યું. સ્વામી અવાર-નવાર ત્યાં અમારી પાસે આવતા. તેઓ કહેતા, "ક્યા ચલ રહા હૈ?. એક દિવસ વહેલી સવારમાં લગભગ ૪-૩૦ થી ૫-૦૦ વાગ્યાની વચ્ચે મને એક સુંદર સ્વપ્ન આવ્યું હતું. મેં સ્વપ્નમાં જોયું કે શિરડી સાઈ બાબાએ વિભૂતિનું સર્જન કર્યું અને જપમાળાનું સર્જન કર્યું અને તેને મારા ગળામાં પહેરાવી દીધી. તે દરમ્યાનમાં મુંબઈથી આવેલા બહેનોના ભજન મંડળે આવીને કહ્યું, ''ચાલ, નગરસંકીર્તન માટે ઉઠીજા. તૈયાર થઈજા." મેં કહ્યું, "શા માટે તમે મારી ઊંઘ બગાડી? મને એક સુંદર સ્વપ્ન આવતું હતું જેમાં શિરડી બાબા આવ્યા હતાં તેમણે જપમાળા પ્રગટ કરી અને મારા ગળામાં પહેરાવી હતી, અને ત્યાં તમે મને ખલેલ પહોંચાડી. શા માટે તમે મને ખલેલ પહોંચાડી?". તેમણે કહ્યું, "શિરડી સાઈ બાબા કોલેજની છોકરીઓને ક્યારેય કોઈ જપમાળા આપતા નથી. આ બધી તારી કલ્પના છે. તેને તું બહુ ગંભીરતાથી ના લઈશ." તેથી હું શાંત થઈ ગઈ.

સવારે ૮-૩૦ વાગ્યાની આસપાસ શ્રી કસ્તુરી મારા ઓરડામાં આવ્યા. તેમણે કહ્યું, "શ્રી અને શ્રીમતિ દીક્ષિત તથા તેમની પુત્રીને સ્વામીએ મુલાકાત માટે બોલાવ્યા છે." અમે તો હંમેશા તૈયાર જ હતા. તેથી અમે ત્યાં ગયા. સ્વામીએ અમારી સાથે દક્ષિણ ભારતના એક ગૃપને પણ લીધું હતું. તેમણે તે ગૃપ સાથે પહેલા વાત કરી, પછી સ્વામીએ મારા માતા-પિતા સાથે લાંબી વાત કરી. પરંતુ તેમણે ક્યારેય મારી સામે ના જોયું. તેઓ મારા માતા-પિતા સાથે જ વાત કરતા રહ્યાં અને પછી અચાનકજ મારા તરફ જોયું અને પૂછ્યું, "શું સાહેબ? શું સમાચાર? તેમણે મને 'સર' કહીને બોલાવી. હું ખૂબ મુંઝવણમાં હતી કે મારે શું કહેવું. હું માત્ર ચૂપ રહી. ત્યાં એક સર્પાકાર સીડી હતી જેના વડે ઈન્ટરવ્યુ રૂમમાંથી સ્વામીના રૂમ તરફ જઈ શકાતું હતું. વચ્ચે એક પાતળો પડદો હતો. સ્વામીએ તે પડદો ખોલ્યો અને મને થોડા પગથિયા ચઢવા કહ્યું. તેમણે એ જ શબ્દોનું પુનરાવર્તન કર્યું "શું સમાચાર સાહેબ?" શું બોલવું એ ખબર ના પડી એટલે હું મૌન જ રહી. અચાનક જ મને કોઈ અવાજ સંભળાયો. એજ ક્ષણે મેં જોયું તો બાબા દ્વારા કંઈક પ્રગટ કરવામાં આવ્યું હતું. મારા સ્વપ્નમાં શિરડી બાબાએ જેવી જપમાળા પ્રગટ કરી હતી બરાબર એવી જ જપમાળા સ્વામીએ પ્રગટ કરી. તેમણે મારા ગળામાં તે પહેરાવી અને કહ્યું, "સપના સચ હુઆ" હું જોરથી રડવા લાગી, મને ખાતરી થઈ ગઈ તેઓ અન્ય કોઈ નહિ પણ મારા શિરડી સાઈ બાબા જ છે. જે શ્રીસત્ય સાઈ અવતાર તરીકે પુનર્જન્મ પામ્યા છે. જ્યારે હું બહાર આવી ત્યારે મારા માતા-પિતાએ જોયું કે મેં ગળામાં જપમાળા પહેરી છે અને પછી સ્વામીએ ઓરડો ખોલ્યો. બહાર એજ સ્ત્રીઓ બેઠી હતી જેમણે મને સવારે કહ્યું હતું કે "આ બધી તારી કલ્પના છે". તેથી મેં તેમને જપમાળા બતાવી અને કહ્યું, "સ્વામીએ આ જપમાળા પ્રગટ કરી છે અને કહ્યું છે કે તારું સ્વપ્ન સાચું થયું છે." આ કંઈ ખરેખર અદ્દભુત છે. હું તેના વિશે વધુ કાંઈ કહી શકું નહિ તે સ્વામીની લાક્ષણિકતા હતી. તેઓ આમ કરતાં હતાં. હું ખૂબ આનંદિત થઈ ગઈ. ભગવાન માટે તેમની વાસ્તવિક્તા વિશે વાતચીત કરવાનો આનાથી વધુ શક્તિશાળી રસ્તો મારા માટે બીજો કોઈ ન હતો. હા તેઓ હતા અને તેઓ મારા શિરડી સાઈ જ છે... (વધુ આવતા અંકે....)

---

**સૌજન્ય- શ્રી સત્ય સાઈ મિડીયા સેન્ટર**

**લેખક- શ્રીમતિ જ્યોત્સના રેડ્ડી. સ્વર્ગસ્થ શ્રી બી.વી.રાજારેડ્ડીના પત્ની છે. જેઓ ભગવાન સાથે રહ્યા અને ઘણાં વર્ષો સુધી તેમની સેવા કરી. તેઓ પ્રતિભાશાળી ભજન ગાયક હતાં.**

# દિવ્ય મહિમાનો પ્રભાવ - પ્રભુ પ્રત્યેની યાત્રા

કરુણામ્બા રામમૂર્તિ (કન્નમ્મા)

સવારે લગભગ ૧૧ વાગ્યે ભજનો શરૂ થશે. ભજન માટે ખાસ કોઈ મર્યાદા નક્કી નહોતી. હાલમાં જે રીતે ગાવામાં આવે છે તે પ્રકારની નામાવલિનો-ભજનોનો તેમાં સમાવેશ નથી. મોટા ભાગના ભજનો સામાન્યતઃ લાંબા હતા. કોઈ પણ વ્યક્તિ ભજન સમયે ગાઈ શક્તું હતું. અગાઉ કહ્યા પ્રમાણે ઓમ સ્લેબ ઉપર બિરાજમાન થતા અને ભજન ગાતા. તેમની બહેન વેંકમ્મા પણ તેમની સાથે ભજન ગાતાં હતાં. તે હોલ નાનો હતો અને મહિલાઓ તેમજ પુરુષો અલગ-અલગ બેસતાં હતાં. કેટલાક લોકો પંખો નાંખતા-નાંખતા સ્વામીની પાછળ બેઠાં હતા. તેમ છતાં સ્વામીનો ઝભ્ભો અધિક ગરમીને કારણે પરસેવાથી રેબઝેબ થઈ ગયો હતો. ભક્તોને પ્રસન્ન રાખવા સ્વામી આરતી કરતા અને એકેએક જણને પ્રસાદનું વિતરણ કરતા હતા.

બપોરે એક વાગ્યે લંચ માટે સહુ ભેગાં થતા. સવારે નાસ્તા દરમ્યાન તેઓ જેવી રીતે એકબીજામાંથી થોડું થોડું લઈને ભેગું કરતા અને થોડુકજ આરોગતા અને બાકીનું સહુને પ્રસાદ તરીકે આપી દેતાં તેવું જ લંચ દરમ્યાન પણ કરતાં. ત્યાર પછી થોડોક સમય વિરામ લેતા. તે દિવસો દરમિયાન પણ સ્વામી મીઠાઈ, ઘી, દૂધ કે દહીં લેતા નહોતા. તેના કારણ માટે જ્યારે ભક્તો તરફથી પૂછવામાં આવતું ત્યારે સ્વામી પ્રત્યુત્તરમાં કહેતાં કે કૃષ્ણાવતારમાં તેમણે આ બધું પ્રચુર પ્રમાણમાં લીધું જ હતું. સાંજે ચાર વાગ્યે બધા ભક્તોને લઈને તેઓ ચિત્રાવતી નદીએ જતાં. નદીના વિશાળ રેતાળ પટ ઉપર બે ભજનો ગાતા અને ભક્તો પાસે પણ ભજન ગવડાવતા. રેતીમાંથી તેઓ મૂર્તિઓ, ફોટાઓ, ફળો, મીઠાઈઓ, વગેરેનું, સર્જન કરતાં અને ત્યાં ઉપસ્થિત ભક્તોમાં પ્રસાદરૂપે વિતરણ પણ કરી દેતાં. તેઓ આધ્યાત્મિક બાબતો વિષે વાતો કરતાં અને ભક્તોને આનંદ સહ આશ્ચર્યમાં ગરકાવ કરી દેતાં. આવા જ એક પ્રસંગે સ્વામીએ રેતીમાંથી એક સફરજનનું સર્જન કર્યું, તેના ચાર ટુકડાં કર્યાં. તેમાંથી ત્યાં હાજર રહેલા લગભગ ૫૦ ભક્તોને આપ્યા. ફક્ત ચાર ટુકડાઓ જ કર્યા હતાં પણ એકેએક જણને એક એક મોટા ટુકડાઓ જ આપતા હતા ! સ્વામી કહેતાં, “ મારી મરજીએ તમામ વસ્તુઓ મારી પાસે આવે છે. હું સિદ્ધ સંકલ્પ નથી, પણ હું સંકલ્પ સિદ્ધ છું.” મંદિરે પરત ફરતી વખતે સ્વામી અમારી આગળ ચાલતા અને તેમની પાછળ પાછળ ભજનો ગાતાં ગાતાં ચાલવાનું કહેતાં. પછી મંદિરમાં થોડોક વખત ભજન કરતાં. આરતી પત્યા પછી દરેક જણ વાળું કરતાં. રાત્રે સ્વામી ટોર્ચ(બેટરી) લઈને મંદિરની આસપાસ 'રાઉન્ડ' મારતા. તે દિવસોમાં પુટ્ટપર્તિ સર્પો અને વીંછીઓથી ભરેલું હતું-તે બધાં પણ અમારી સાથે જ રહેતા હતા. અમારામાંથી કોઈને પણ તેમના દ્વારા ડંખ મારવામાં આવ્યા નહોતા-તે ફક્ત સ્વામીની કૃપા હતી. અરે, કૂતરાં-બિલાડાં-પણ મંદિરમાં મુક્ત રીતે ફરતાં.

સ્વામી પાસે એક દળદાર નોટબુક રહેતી જેમાં બધાં ભજનો લખેલા હતા. જ્યારે અમે કોઈ ભજનના શબ્દો કે શૈલી ભૂલી જતાં ત્યારે અમે સ્વામીને પૂછતાં. તેઓ એ વખતે નોટબુક આપતાં, તેનો ટ્યુન(રાગ) શીખવતા અને તેમાંથી ભજનનો ઊતારો કરીને નોટબુક પરત કરી દેવાની પણ

સૂચના આપતા.

પુટ્ટપર્તિના અને તેની આસપાસના ગ્રામ્યજનો ગ્રૂપમાં આવતા અને સ્વામીને મંદિરમાં આરતી કરવાનું અને પછી પ્રસાદ આપવાનું કહેતાં. બળદગાડામાં આવનારાં ભક્તોના આગમન માટે સ્વામી સવારે અને સાંજે મંદિરના દ્વારે પ્રતીક્ષા કરતા રહેતા. સ્વામી તેમની ખુશી અભિવ્યક્ત કરતા અને તે બધાંએ ખાધું કે નહીં તેવી પૃચ્છા કરીને કુશલ મંગલ વિશે પણ પૂછતા તથા આનંદથી તેમની સાથે ચાલીને આવતા હતા. મંદિરના દ્વારે પ્રતીક્ષા કરતાં ઊભા હોય ત્યારે ખેતરોમાં સખત તાપમાં મજૂરી કરતા મજૂરોની દયા આવતી. કઠિન પરિશ્રમના પ્રમાણમાં મજૂરોને જોઈએ તેટલું મહેનતાણું મળતું નહોતું અને તેમની મજૂરીનું ફળ અન્યો જ માણતા હતા.

તે દિવસો દરમ્યાન મંદિર પાસેથી લગ્નનો વરઘોડો પસાર થાય તે એક સર્વ સામાન્ય દ્રશ્ય બની રહેતું. આવા એક પ્રસંગે સ્વામીએ અમને પારંપારિક વસ્ત્રો પરિધાન કરેલા લોકોને જોવાનું કહ્યું. વરઘોડો સ્વામી તરફ દ્રષ્ટિ કર્યા વિના મંદિર પાસેથી પસાર થઈ ગયો. તેઓ વેણુગોપાલ સ્વામી મંદિરે પહોંચ્યા, પૂજા કરી અને પાછા ચાલ્યા ગયા. સ્વામીએ આ બધી ગતિવિધિઓ એક નિર્દોષ બાળકની જુગુપ્સાથી નિહાળી હતી. થોડા સમય પછી સ્વામીએ કહ્યું, "અમ્માયી, જુઓ. લગ્ન સંપન્ન. હવે તેની કડી લંબાતી જશે. યાચનાઓ શરૂ થઈ જાય છે-પહેલો છોકરો થવો જોઈએ, પછી તેની તંદુરસ્તી, શિક્ષણ, નોકરી અને પછી આવા જ લગ્ન ! ત્યાર બાદ, દીકરો કે દીકરીનો જન્મ થાય-તે પણ ભગવાન પરિપૂર્ણ કરે તેવી જ માંગણીઓ સાથે ! અને આ પ્રમાણે આવી માંગણીઓ તેમજ તેનું ચક્ર ચાલ્યા જ કરે. જન્મ-મરણના ચકરાવામાંથી છૂટવા માટે કોઈ ભગવાનને પૂછતું કે પ્રાર્થના પણ કરતું નથી."

સ્વામી કહેતા, "ખાંડને તેનામાં રહેલી મીઠાશનો ખ્યાલ નથી. જેઓ તેને ચાખે છે તેઓ જ જાણી શકે છે. ખાંડ બનવાની ખેવના રાખવાને બદલે ખાંડને ચાખવાની જરૂર છે." સાંજે છોકરાઓ અને છોકરીઓને અલગ-અલગ જૂથમાં બેસાડ્યા હોય ત્યારે તે બધાંની સાથે સ્વામી વાતચીતો કરતાં. કેટલીક છોકરીઓને લગ્ન કરવાનું કહેતાં તો અન્ય કેટલીકોને લગ્ન નહીં કરવાનું પણ કહેતાં. છોકરાઓને કઈ નોકરી પસંદ કરીને લેવાના છો તેવું પૂછતાં. તે સર્વેના વિકલ્પો જાણીને તેની યથાયોગ્યતા બાબતે સ્વામી તે બધાને સલાહ-સૂચન આપતાં. (....વધુ આવતા અંકે...)

**(કરુણામ્બા રામમૂર્તિ(કન્નમ્મા) લિખિત પુસ્તક "શ્રી સત્ય સાઈ આનંદદાયી" માંથી ઉદ્ધૃત).**

દુન્યવી પ્રેમનો પ્રકાર દર્શાવતું એક નાનકડું દૃષ્ટાંત જોઈએઃ- જ્યારે કોઈ યુવાન લગ્ન કરે છે ત્યારે પહેલાં બે-ત્રણ માસ (વર્ષ !) માટે એ પોતાની પત્નીને પોતાના પ્રાણ (જીવન) રૂપ જ ગણતો હોય છે. રસ્તે જતાં માર્ગમાં કોઈ કાંટો દેખાય તો એ ખૂબજ ચિંતા વ્યક્ત કરીને, પોતાની પત્નીને પ્રેમથી બાજુ ઉપર ખેંચી લેશે, રખેને એને કાંટો વાગી જાય !! થોડાક મહિના/વર્ષો બાદ જો એવીજ રીતે રસ્તામાં કાંટો દેખાશે તો એ માત્ર પત્નીને ચેતવણીજ આપશે (જોજે ! પેલો કાંટો છે !) થોડાક વર્ષો બાદ, એવીજ પરિસ્થિતિમાં એ પત્નીને તતડાવીને કહેશે, 'તને દેખાતું નથી? રસ્તા ઉપર કાંટો છે તે? આ રીતે દુન્યવી પ્રેમ, દિવસે દિવસે, ઘટતો જતો હોય છે પરંતુ દિવ્ય પ્રેમ કદીયે ઘટશે નહિ. એતો અવિચળ, અપરિવર્તનશીલ અને સ્થિર હોય છે. તમારે એવા સાચા અને શાશ્વત પ્રેમની અભિવ્યક્તિ માટેનાં પ્રયાસો કરવા જોઈએ. તમારી અમર્યાદ ઈચ્છાઓને લીધે તમે એવા દિવ્ય પ્રેમનો અનુભવ કરી શકતા નથી. જીંદગી તો એક લાંબી સફર છે અને ઈચ્છાઓ 'લગેજ' સમાન છે. 'લેસ લગેજ મોર કમ્ફર્ટ મેઈક ટ્રાવેલ એ પ્લેઝર'. (અર્થાત ઓછો સામાન હોય તો સગવડ વધારે રહે અને યાત્રા આનંદદાયક બની રહે). એકવાર, તમે તમારી ઈચ્છાઓ ઓછી કરી દો એટલે તમે ચિંતાઓ અને તકલીફોથી મુક્ત થઈ જશો. .

- ભગવાન શ્રી સત્ય સાઈ બાબા
('ચાકુરી' (હારાષ્ટ્ર) ખાતેના દિવ્ય પ્રવચનમાંથી)

## દિવ્યતાના પ્રતિકો

# શ્રી સત્ય સાઈ સનાતન સંસ્કૃતિ ઈટર્નલ હેરીટેજ મ્યુઝીયમ

ભગવાન શ્રી સત્યસાઈ બાબા દ્વારા પ્રેરિત મૂળભૂત તત્વબોધ-''સર્વ ધર્મ ઐક્ય'' ને શ્રી સત્યસાઈ સનાતન સંસ્કૃતિ ઈટર્નલ હેરીટેજ મ્યુઝીયમ રજુ કરે છે. વિશ્વના મુખ્ય ધર્મોના ઉપદેશ/સિદ્ધાંતોને અહીં પ્રદર્શિત કરવામાં આવ્યા છે અને સમગ્ર માનવજાતિના આધ્યાત્મિક ઉત્થાન માટે, મહાન સંતો અને આધ્યાત્મિક જ્ઞાનીઓએ કરેલા ધર્માદેશો/ધર્મોપદેશને અને તેમની જીવન કથનીને પણ જાહેર પ્રદર્શનમાં મૂકવામાં આવેલ છે. મ્યુઝીયમના ત્રણ ઉન્નત એવા ગોપુરમ્ અને ચાર મજલાઓમાં જુદા જુદા ધર્મો-એટલે કે વૈદિક સમયથી લઈને આજ દિન સુધી થઈ ગયેલ તમામ ધર્મો-પંથોની વાતો પ્રદર્શિત કરવામાં આવી છે. આ મ્યુઝીયમ, માનવજાતની એકતા દર્શાવતુ એક અદ્દભૂત પ્રતીક છે કે જે દરેક ધર્મના અને દરેક પ્રદેશના લોકોને આકર્ષે છે અને ભગવાન બાબાના પ્રભાવક્ષમ એવા "માનવજાતિની એકતા"ના શ્રેષ્ઠ મેસેજને રજૂ કરે છે. મ્યુઝીયમને વ્યવસ્થિત નિહાળ્યા બાદ, હર કોઈ સમજી જાય છે કે આ ધર્મો, એ બીજુ કાંઈ નથી પરંતુ ઈશ્વર સુધી પહોંચવાના જુદા જુદા માર્ગો છે. વિદ્યાગિરી કોમ્પ્લેક્ષનો અદ્દભૂત નજારો દર્શાવતી ટેકરી ઉપર, શ્રી સત્ય સાઈ ઈન્સ્ટિટ્યુટ ઓફ હાયર લર્નીંગના સેન્ટ્રલ એડમીનીસ્ટ્રેટીવ બિલ્ડીંગની બાજુમાં જ, એક સુંદર અસામાન્ય એવા વિશિષ્ટ એવા તળ મજલો અને એની ઉપર બે મજલા ધરાવતા બિલ્ડીંગમાં આ મ્યુઝીયમ આવેલું છે. ભારતના જૈન મંદિરોના શિખર આકૃતિ સમાન સ્ટ્રકચર ધરાવતી પદ્ધત્તિમાં આ મ્યુઝીયમ બાંધવામાં આવેલ છે. તાઃ૧૯ નવેમ્બર૧૯૯૦ ના રોજ ભગવાનના કરકમલો દ્વારા આનું ઉદ્દઘાટન થયું હતું.

વ્યક્તિ જેવો મ્યુઝીયમમાં દાખલ થાય એટલે તરત જ તેને બ્રહ્માંડીય આસ્થાદાયી લાગણીઓથી ભીંજાઈ ગયાની અનુભૂતિ થાય છે અને દિવ્ય પરમાનંદમાં ઉન્નત થયાનું અનુભવાય છે. ચારે તરફ જોતા તેને, સાઈ વિશ્વના વૈવિધ્યસભર પરિમાણીય વિશાલ દર્શી દૃશ્યની ભાવના જોવા મળે છે. મ્યુઝીયમની અંદર ખૂબજ વિશાળ સંખ્યામાં શ્રી સત્ય સાઈના શિક્ષણ/બોધ ઉપર અને એમના જીવન અને જીવનકાર્ય ઉપર સુંદર ચિત્રો, ફોટાઓ, વિડીયો ફિલ્મસ્, સાઉન્ડ સિસ્ટમ, ધાતુની તકતીઓ, પૅનલ્સ, ભીંતચિત્રો, પૂતળા (બાવલા), પત્રિકાઓ (ટૅબ્લોઈડસ્), મૉડેલ્સ, રૅપ્લીકા, કિઓસ્કસ્, સંગીતના વાજીંત્રો, પુસ્તકો, દુર્લભ ગ્રંથો ખૂબજ બેનમુનરીતે મુકવામાં આવેલા છે. જે જોઈને પરિતૃપ્ત જઈ જવાય છે; એની સાથે સાથે, માનવ જાતિના ઈતિહાસમાં અત્યાર સુધી થઈ ગયેલા મહાન આધ્યાત્મિક અગ્રણીઓ દ્વારા દર્શાવાયેલા વિશ્વના જુદા જુદા ધર્મોનો પૅનોરેમિક વ્યુ, સાથે સાથે પ્રખ્યાત મંદિરો, મઠો અને સમાધિઓ, વિશ્વની અનેક અજાયબીઓ અને દુર્લભ વાજીંત્રોના ચિત્રોને જોવાનો લ્હાવો પણ અદ્દભુત છે. આ મ્યુઝીયમનો એકજ તત્વને દર્શાવવાનો પ્રયાસ છે-એ તત્વ છે- "એક અને માત્ર એકજ ધર્મ".

મ્યુઝીયમના પ્રવેશ દ્વારે જ, મુલાકાતી પ્રણવનાદ "ૐ" સાંભળે છે. આ તબક્કે બાબાના શબ્દોનું સ્મરણ થાય છે કે, "બ્રહ્મન્ એ ૐ છે" અને

એ દ્વારા જ એ પ્રતિપાદિત થાય છે. સાઈ સંદેશામાં સત્ય, ધર્મ, શાંતિ, પ્રેમ અને અહિંસા આ પાંચેયના ઉત્કૃષ્ટ પ્રતીક સ્વરૂપે સૂર્યના ડોમમાં પાંચ થાંભલાની વચ્ચે તેજસ્વી પ્રકાશમાં વિશ્વના મુખ્ય પાંચ ધર્મોના પડછાયાની ઝાંખી જોવા મળે છે.

સંપૂર્ણ અને ભવ્યપૂર્ણ રીતે કરવામાં આવેલી આવી રજૂઆત, એ "મનુષ્યો વચ્ચે ભ્રાતૃત્વ અને ઈશ્વરનું પિતૃત્વ" (Brotherhood of Man and Fatherhood of God) એ તત્વને અપાયેલી માનવંદના છે. સૂર્યના ડોમની બરાબર પાછળ, સમયને દર્શાવતા, પ્રસિદ્ધ એવા તેરમી સદીના કોણાર્ક સૂર્ય મંદિરના કોણાર્ક ચક્રની પ્રતિકૃતિ છે.

હવે, મુલાકાતી, ''સોલર સિસ્ટમ અને માનવી" એ વિભાગ જોવા આગળ વધે છે; જે એવું દર્શાવે છે કે વિશ્વમાંનો અણુ અને માનવીમાંનો આત્મા એ બન્ને એકજ છે અને સરખા જ છે. આગળ જોવા મળે છે અશ્વત્થ વૃક્ષની આકૃતિ કે જેના મૂળ ઉપર અને શાખાઓ નીચે છે, જે માનવીને તેની ફરજ પરત્વે આંગળી ચિંધતું પ્રતીક છે. હવે દેખાય છે હિરણ્યગર્ભ યજ્ઞના ચિત્રના વર્ણનનું નિરૂપણ કે જેમાં વાદળો બંધાવાની ક્રિયા, વરસાદનું વરસવું અને ખેત પેદાશ-કે જેની ઉપર વિશ્વનું અસ્તિત્વ નિર્ભર રહે છે-એ બધુ દર્શાવાયેલ છે. પછીના દૃશ્યમાં ગુરૂ પોતાના શિષ્યને, જીવનના રહસ્યોને ખોલીને બતાવે છે અને આધ્યાત્મિક જ્ઞાનપ્રાપ્તિનું શું આંતરિક મહત્વ છે, તે સમજાવે છે. હવે આગળ, વિશ્વની શ્રેષ્ઠ રચનાઓ-જેમકે વેદો, ઉપનિષદો, પુરાણો, રામાયણ, મહાભારત, ભગવદ્ગીતા, કુરાન, બાઈબલ, ગુરૂ ગ્રંથસાહિબ, યુગો યુગોથી આ બધા દ્વારા આપવામાં આવેલા માનવીય અને ગહન સંદેશાઓને/ઉપદેશોને ખૂબ જ આકર્ષક રીતે પ્રદર્શિત કરેલા છે. પ્રિન્ટ મીડિયા અને સાઉન્ડ ઈફેક્ટસ્ નો સુભગ સમન્વય સાધીને આ બન્નેનો



ખૂબજ સુંદર ઉપયોગ મ્યુઝીયમે કરેલો છે. બધા ધર્મો અને તત્વજ્ઞાનોના પાયામાં રહેલા પાંચ માનવ મૂલ્યોના વૈશ્વિકરણને રેખાંકિત કરનાર ફિલોસોફીને વધુ ભારપૂર્વક રજૂ કરવા આવું આયોજન કરેલ છે. જેમકે રામાયણ અને મહાભારતના દર્શાવેલા પ્રસંગો, અસત્ય ઉપર સત્યનો વિજય અને નિઃસ્વાર્થ પ્રેમની તાકાત વિશે સુંદર બોધ આપે છે. માનવ સેવા એ જ ઈશ્વરની સેવા એ કથનની સત્યતા અંગે કુરાન સમજાવે છે. બુદ્ધિઝમ અને જૈનિઝમના વિભાગો શાંતિ અને અહિંસાના પ્રમાણનું નિરૂપણ કરે છે. પારસી ધર્મના મહાન સંસ્થાપક ઝોરાષ્ટ્ર (જરથૃષ્ટ)એ સ્થાપેલ ધાર્મિક આસ્થા વિશે ઝોરાષ્ટ્રીનીઝમ વિભાગ સચોટ રજૂઆત કરે છે. શિખ ધર્મ અને તત્વજ્ઞાનના સંસ્થાપક ગુરૂનાનકના ઉપદેશોને સિખ્ખીઝમ વિભાગ સુંદર રીતે સમજાવે છે. જૈન ધર્મના સ્થાપક શ્રી મહાવીર ઉપર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે. જીસસના પ્રેમને સમજાવવા માટે ન્યૂટેસ્ટામેન્ટે કઈ

રીતે મદદ કરી છે તે અંગે ખ્રિસ્તી વિભાગ ખુલાસો કરે છે. ઓલ્ડ ટેસ્ટામેન્ટ અંગે પણ અહીં કહેવામાં આવેલ છે, કારણ, તે તો ઈશુખ્રિસ્તના પ્રાગટ્ય પહેલા હતું જ.

મ્યુઝીયમમાં મુકાયેલ અન્ય બાબતો વિશે વાત કરીએ તો ભૂતકાળના અનુકરણીય એવા સંતો અને આર્ષદૃષ્ટાઓ-જેમકે આદિ શંકરા, ચૈતન્ય મહાપ્રભુ વિગેરે.... એમના સંદેશાઓને ખૂબજ સુચારૂરીતે પ્રદર્શિત કરાયેલા છે. આપણું ધ્યાન-ભક્તિમાર્ગ, કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગ તરફ દોરાય એ હેતુથી આ બધું ડિઝાઈન કરવામાં આવ્યું છે.

મ્યુઝીયમમાં અલગ-અલગ સ્થાનોએ મુકેલ દર્શનીય બાબતો જોઈએ તો.....

(ક) આધ્યાત્મિક સાધનાના ભાગરૂપે, ચૈતન્ય મહાપ્રભુ ભગવાનના ગુણગાન કરતા હોય તેવું મનોહારી દૃશ્ય.

(ખ) આદિ શંકરાચાર્ય અને એમના શિષ્યો બેઠા હોય એવું દૃશ્ય (ગ) મહારાષ્ટ્રના પંઢરપુર ખાતે આવેલ ભગવાન વિઠ્ઠલ અને રૂક્ષ્મણીની સુંદર લાલિત્યપૂર્ણ મૂર્તિઓ (ઘ) મક્કા અને મદિનાનું આકર્ષક મૉડેલ (કુરાનના સંદેશા સાથે) (ઙ) અમૃતસરના સૂવર્ણમંદિરનું મૉડલ (ચ) યહુદીઓનું પ્રાર્થના સ્થળ-સિનેગૉગ (દેવળ) (છ) મધ્યપ્રદેશમાં સાંચીસ્તૂપનું મૉડલ-એક અદ્દભુત કલાકૃતિનો આવિર્ભાવ (જ) પૂજાના દૈદિપ્યમાન સાધનો સાથેનો, પ્રોટેસ્ટન્ટ માટેનો પ્રાર્થનાનો અલાયદો ખંડ (ઝ) ચાઈનીઝ દેવળની પ્રતિકૃતિ (ટ) જાપાનીઝ ધર્મસ્થાનની પ્રતિકૃતિ (ઠ) યુગોસ્લાવિયામાં આવેલ અતિશય જુનું પરંતુ ખૂબ મોટા એવા ચર્ચનું મૉડલ (ડ) દક્ષિણ ભારતના રામેશ્વરમ્ અને મદુરાઈ ખાતે આવેલ હિન્દુ મંદિરોના નાના મૉડલ્સ (ઢ) જીસસના મૂળ (જન્મ) સ્થાનના દૃશ્યની પરિકલ્પનાનો નમુનો.

વિજ્ઞાન અને આધ્યાત્મિક્તાને લગતા મુદ્દાઓ પરત્વે પશ્ચિમના તત્વવિદો કઈ રીતે જુએ છે તે દર્શાવતો અને સમજાવતો એક અભિરૂચીપૂર્ણ અલાયદો વિભાગ પણ અહીં છે. વિશિષ્ટ સગવડો આપતી આધુનિકસાઉન્ડ સિસ્ટમનો પણ ખૂબ સુંદર ઉપયોગ અહીં કરવામાં આવેલ છે જેમ કે વેદોનાચાર મહાવાક્યો સાંભળવા માટે વ્યવસ્થા છે; વૈદિક સિદ્ધાંતો આધારિત ક્રિએશન અને ક્રિએટર (સર્જન અને સર્જક) ઉપરનો વિડીયો શૉ; "દિવ્યતા તરફનું પ્રથમ પગલું" એ વિશેનું વિડીયો નિદર્શન; "સનાતન સાંસ્કૃતિક વારસાનો પાયો" ગંગાનદીનું મહત્વ અને તે માનવજાતને કઈ રીતે વરદાયિની છે" એ વિશેનું વિડીયો ચિત્રીકરણ; ભગવાન સાઈની, ગાયત્રી મંત્રની અગત્યતા સમજાવતી દિવ્ય વાણી (સ્વામીનો અવાજ).

શિરડી સાઈબાબાની હયાતીમાં શિરડીમાં દ્વારકામાઈ જેવી હતી તેવી હુબેહુબ પ્રતિકૃતિની રચના પણ મ્યુઝીયમમાં છે. એક સુંદર રીતે કંડારાયેલ ચિત્રમાં, શ્રી સત્ય સાઈ બાબા, એમની ૧૪ વર્ષની ઉંમરે, પોતાની દિવ્યતાની ઘોષણા કરતા, "શિરડીના સાઈબાબાનો પુનર્અવતાર થયો છે" અને ગાયેલા પ્રસિદ્ધ ભજન, "માનસ ભજરે ગુરૂ ચરણમ્" નું ચિત્રણ દર્શાવાયું છે. શ્રી સત્ય સાઈએ ૨૫ મે ૧૯૪૭ ના રોજ, માત્ર ૨૧ વર્ષની વયે પોતાના ભાઈને જે પત્ર લખ્યો હતો કે જેમાં એવી ભવિષ્યવાણી ઉચ્ચારાઈ હતી કે દિવ્યતાનું પ્રગટીકરણ ટુંક સમયમાં જ થવાનું છે-એ પત્ર પણ પ્રદર્શનમાં મુકેલ છે.

અનાદિકાળથી આધ્યાત્મમાં સંગીતનો શો ભાગ (રોલ) છે તે પણ બહુજ વિશિષ્ટ રીતે એક સેકશનમાં નિર્દેશિત કરવામાં આવેલ છે. સનાતન સંસ્કૃતિની પુનઃસ્થાપના માટે શ્રી સત્ય સાઈએ નામસ્મરણ અને નગરસંકીર્તન જેવા બે ઉત્તમ

સાધનોનું પોતાની દિવ્ય ઈચ્છાથી પુનરૂદ્ધારણ કરીને સંગીતનો નીચોડ આપી દીધો-એવા ચિત્રાંકનનું સુંદર દૃશ્ય પણ અહીં દર્શાવાયું છે. ભગવાનના દિવ્યગાન માટે વપરાતા જુદા જુદા પ્રકારના સંગીતના વાદ્યો (જેમકે તંતુવાદ્યો, સુષિર વાદ્યો અને ચર્મવાદ્યો)ની પૅનલ્સ, બેકગ્રાઉન્ડમાં ખૂબજ સુંદર રીતે પ્રદર્શિત કરવામાં આવેલ છે.

એક બંધબેસતા શબ્દાંકન, "દિવ્ય પ્રેમની સમાંતરે" માં મંત્રમુગ્ધ કરી દે એવા ભગવાન બાબાના ૨૬ સુંદર ચિત્રો મુકવામાં આવ્યા છે અને દરેક ફોટાની નીચે, ભગવાનના જન્મોત્સવ ઉપર ભગવાનના આશિષાત્મક પ્રવચનોમાંથી એક એક સુંદર સંદેશાઓ લખવામાં આવ્યા છે. અને આખરી વિભાગમાં મ્યુઝીયમભવનના બીજા માળે એક ગુફાના મૉડેલમાં, ભગવાન જ્યોતિસ્વરૂપમાં ઉભા રહીને કહે છે, "હું તમારામાં છું, તમે મારામાં છો, તમે અને હું એકજ છીએ" એ જોતાજ જ્યોતિના દર્શન થાય છે. ગુફામાંથી પસાર થનાર દરેકને આ સંદેશો પહોંચે જ છે કે, "ઈશ્વર તો પ્રકાશ અને પ્રેમ છે. અને અંતે આપણે દિવ્યતાની જ્યોતિમાંજ વિલીન થઈ જઈએ છીએ.

સત્ય, પ્રેમ અને ઉચ્ચ આદરભાવનો સંદેશ જે મ્યુઝીયમ થકી પ્રતિસાદ (પડઘા) આપતો રહે છે તેની સરખમણીમાં, બીજુ કશુંપણ મ્યુઝીયમના ઈતિહાસમાં ક્યાંય જોવા નહીં મળે. આ મ્યુઝીયમનો દરેક ભાગ પ્રેમ અને કરૂણાજ ચોતરફ ફેલાવે છે.

## શ્રી સત્ય સાઈ સેવા સંગઠન - ગુજરાત

**ગુજરાતના વિવિધ જીલ્લાઓમાં શ્રી સત્ય સાઇ સેવા સંગઠનની અનેક પ્રવૃત્તિઓ ચાલે છે. તેની વધુ વિગત જાણવા / તેમાં ભાગ લેવા, જે તે જીલ્લાના જીલ્લા પ્રમુખશ્રીઓનો સંપર્ક સાધવો.**

| | | |
|---|---|---|
| **શ્રી હેમંતભાઈ ડી. પટેલ**<br>**રાજ્ય પ્રમુખ - ગુજરાત સંગઠન**<br>નિવાસ : વડોદરા<br>**મો.: ૯૮૨૫૯૮૦૪૫૭** | શ્રી હેમાંશુ જે. દેસાઈ<br>**વલસાડ**<br>મો. ૯૪૨૯૧૧૫૬૯૬ | શ્રી અપૂર્વ પટેલ<br>**અમદાવાદ**<br>મો. ૭૩૫૯૦૦૪૬૦૦ |
| શ્રી કાર્તિક કે. જાની<br>**રાજકોટ-જૂનાગઢ**<br>મો. ૯૮૭૯૪૫૭૪૭૯ | શ્રી કૌશિક કપ્તાન<br>**નવસારી**<br>મો. ૯૮૨૫૩૨૦૫૮૧ | શ્રી ઉદય વાગરે<br>**વડોદરા - આણંદ**<br>મો. ૯૪૨૯૦૮૦૦૭૮ |
| શ્રી હિતેશ આચાર્ય<br>**ભાવનગર**<br>મો. ૯૮૨૫૭૦૭૯૦૮ | શ્રી દિગંત હાંસોટી<br>**સુરત-વાપી**<br>મો. ૯૮૨૫૩૬૦૨૦૦ | શ્રી બાબુભાઈ પટેલ<br>**મહેસાણા**<br>મો. ૯૪૨૬૫૭૬૮૭૪ |
| શ્રી શૈલેષભાઈ સી. પટેલ<br>**પંચમહાલ**<br>મો. ૯૭૨૫૦૦૪૨૩૦ | શ્રી હરીશ યુ. ચૌહાણ<br>**ભરૂચ-નર્મદા**<br>મો. ૯૮૯૮૩૧૭૩૬૦ | શ્રી ઠાકોરભાઈ પરમાર<br>**ખેડા**<br>મો. ૯૯૭૪૦૬૩૪૯૧ |
| શ્રી ગૌરાંગ જે. પંચોલી<br>**સુરેન્દ્રનગર**<br>મો. ૯૮૭૯૯૯૫૭૫૭ | ડૉ. કમલેશ જે. ભટ્ટ<br>**ગાંધીનગર**<br>મો.૯૪૨૭૩૨૪૩૩૫ | શ્રી રમેશભાઈ વાજાણી<br>**જામનગર**<br>મો. ૯૮૯૮૬૩૨૪૬૯ |

# પ્રશાંતિ નિલયમ્ ખાતેની ઉજવણી

## એક અહેવાલ

## મેરી ક્રિસમસ

૨૫ ડીસેમ્બર ૨૦૨૧ ના રોજ પ્રશાંતિ નિલયમ ખાતે પવિત્ર તહેવાર 'નાતાલ'ની ભક્તિભાવથી ઉજવણી કરવામાં આવી હતી. સ્થળ હતું સાઈ કુલવંત હૉલ કે જેને પરંપરા મુજબ નાતાલના ઉત્સવને અનુરૂપ શણગારવામાં આવ્યું હતું.

નિયમિત વેદગાનથી સવારના કાર્યક્રમની શરૂઆત ૮ વાગે થઈ. ૮.૨૦ કલાકે પ્રશાંતિ મંદિરના ભજન ગૃપે સાચા અર્થમાં કાર્યક્રમનાજુસ્સાને જીવંત બનાવ્યો, નાતાલના કેટલાક આત્મિય ભજનોની સુંદર રજૂઆત કરીને. ભજનો જેવાકે,"વી વિશ યુ એ મેરી મેરી ક્રિસમસ" અને "હેપ્પી ન્યુ ઈયર","લોંગ ટાઈમ એગો ઇન બેથલહામ સો ધ હોલી બાયબલ સેઈઝ","કમ ધે ટોલ્ડ મી પા રમ પમ પમ પમ", ઓપન ધ આઈઝ ઓફ માઈ હાર્ટ લોર્ડ", અપ ઓન ધ હાઉસ ટોપ રેઈનડીયેર પૉઝ", "રેન્ડીયર વીથ ડીવૉટ ફિલીંગ્સ" વગેરેનો ઉમેરો કરવામાં આવ્યો હતો. નાતાલના આ ગીતોએ જાણે શ્રોતાગણ ઉપર જાદુઈ અસર કરી. ઉપરાંત દરેક ગીત પહેલા યુવાન અને બાળક વચ્ચે ટચુકડો સંવાદ મૂકવામાં આવ્યો હતો જે નાતાલનો પ્રેમ, સેવા અને એકતાનો સંદશો મુખ્યત્વે પ્રદર્શિત કરતો હતો. જેમ જેમ કાર્યક્રમ આગળ વધતો ગયો તેમ તેમ સાઈકુલવંત હૉલમાં છોકરાઓ સાંતાક્લોઝ બનીને અને છોકરીઓ પરીઓ બનીને નૃત્ય કરતા તથા ચોકલેટની વહેંચણી કરતા દૃશ્યમાન થવા લાગ્યા, જે પ્રસંગની ખુશીને ઉમેરતા રહ્યા. નાતાલના ગીતો બાદ ભજનોનું ગાન કરવામાં આવ્યું. ભગવાનની આરતી બાદ કાર્યક્રમને વિરામ આપવામાં આવ્યો.

સાંજના કાર્યક્રમની શરૂઆત સાંજે ૪.૩૦ કલાકે વૈદિક રૂચાઓનીભવ્ય રજૂઆત સાથે કરવામાં આવી. ૫.૧૫ કલાકે, ભગવાનનો ભક્તગણ પર આશીર્વાદ સમાન સંદેશ રજૂ કરવામાં આવ્યો. જેમાં ભગવાને ભારપૂર્વક જણાવ્યું કે સર્વ ભક્તોએ માની જ લેવાનું છે કે, તેઓ ઈશ્વરના સંદેશવાહકો છે અને તેમણે માનવજાતની સેવામાં પ્રવૃત્ત થવાનું છે. ભગવાન ઈશુને અનુસરવાનું છે. ઉદાહરણ આપતા બાબાએ વૃક્ષનો દાખલો આપ્યો. જે ફળ આપતા નમી તો જાય છે જ પણ સાથે સાથે પથ્થર વાગે તો બદલામાં ફળ પણ આપે છે. સુખડના લાકડાના ટુકડાનો દાખલો આપતા જણાવ્યું કે પથ્થર પર સુખડના ટુકડાને ઘસવામાં આવે છે પરંતુ તે સુગંધ જ આપે છે. ભગવાને આગળ જણાવ્યું કે જેઓ સત્ય અને ધર્મના માર્ગ પર ચાલી રહ્યા છે તેઓએ મનનીશાંતિ, ધૈર્ય અને સ્થિરતા જાળવી રાખવી જોઈએ-વિપરિત પરિસ્થિતિમાં પણ ભગવાન ઈશુ માફક. ટૂંકમાં હાર્દ જણાવતા ભગવાનેકહ્યું કે પ્રત્યેક ભક્તે ઈશ્વરતરફ પ્રેમ વિકસાવી ઈશ્વરાભિમુખ બનવું જોઈએ. કારણ પ્રેમ જ ઈશ્વર છે. પ્રેમ જ સત્યછે. "લવ ઈઝ માય ફોર્મ, ટ્રુથ ઈઝ માય બ્રેથ, બ્લીસ ઈઝ માય ફૂડ." ગાઈને એમણે સંબોધનને વિરામ આપ્યો. ત્યાર બાદ થોડા ભજનો ગાવામાં આવ્યા. ત્યારબાદ આરતી થઈ અને પછી નાતાલની ભવ્ય ઉજવણીને વિરામ આપવામાં આવ્યો.

### નવું વર્ષ ૨૦૨૨.

નવા વર્ષની શરૂઆતમાં જ પ્રેમ અને આભાર (કૃતજ્ઞતા)ની લાગણીને ભગવાન શ્રી સત્ય સાઈ બાબાના ચરણકમળમાં સમર્પિત કરવામાં આવી. પ્રશાંતિ મંદિરના ભજન ગાયકોના ગૃપ દ્વારા

સંગીતનો એક અદ્દભુત ભક્તિસભર ભજનો સાથેનો, શ્રોતાગણને જાદુઈ અસર થાય તેવો કાર્યક્રમ રજૂ કર્યો. કાર્યક્રમ "સાઈ વંદના" શીર્ષક હેઠળ રજૂ કરવામાં આવ્યો. ૧ જાન્યુઆરી વર્ષ ૨૦૨૨ ના રોજ સાઈ કુલવંત હૉલ ખાતે સવારે ૮.૩૦ કલાકે સંસ્કૃત પ્રાર્થના,"પ્રદોષ કાલ દર્શનમ્" થી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. (ભગવાન શીવની પૂજા આરાધનામાટેનો સુયોગ્ય સમય). ભક્તિભાવની તીવ્રતા સાથે શ્રોતાગણના આત્માને ભાવ વિભોર કરે તેવા ભક્તિમય ભજનો, ભજન ગૃપ દ્વારા રજૂ કરવામાં આવ્યા."ક્યા ખુશ નસીબ જો સાઈ કો પાલે", "નમો નીત્ય સાઈ આનંદદાયી", "ઘેર ઈઝ સમ વન એબોવ ટુ ગાઈડ મી" અને "મનીષીની માધવુની ચેયા માહિને સ્વર્ગમુગા મારચા માધુવુડે અવતરીંચે" (મનુષ્યને દેવમાં રૂપાંતરિત કરનાર તથા પૃથ્વીને સ્વર્ગમાં રૂપાંતરિત કરનાર ઈશ્વરપોતે જ અવતારી છે) વિગેરે ભજનોનો સમાવેશ કરવામાં આવ્યો. સંગીત કાર્યક્રમ પછી તુરત જ ભગવાન શ્રી સત્ય સાઈ બાબાની ૯૭ મી જન્મ જયંતિની ઉજવણીના તૈયાર કરવામાં આવેલ 'લોગો' ને અનાવૃત કરવામાં આવ્યો અને વીડિયોની રજૂઆત કરવામાં આવી. જેમાં માનવજાત પ્રત્યેનો ભગવાનનો શુદ્ધ પ્રેમ દર્શાવવામાં આવ્યો. તે પછી ભજનો ગાવામાં આવ્યા અને આરતી બાદ કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું.

## મકર સંક્રાંતિ.

આધ્યાત્મિક હાર્દ ધરાવતુ મકર સંક્રાંતિનું પર્વ તાઃ૧૪/૦૧/૨૦૨૨ ના રોજ પ્રશાંતિ નિલયમ ખાતે ઉત્સાહભેર ઉજવવામાં આવ્યું. આ શુભ દિવસે, દિવ્યાંગ બાળકોના લાભાર્થે, શ્રી સત્ય સાઈ વિદ્યાવાહિની દ્વારા "શ્રી સત્ય સાઈ ઈન્કલુઝીવ એજ્યુકેશન પ્રોજેક્ટ" શરૂ કરવામાં આવ્યો. આ પ્રોજેકટ, નેશનલ એજ્યુકેશન પોલીસી (NEP 2020) ના આધારે, શ્રી સત્ય સાઈ સેન્ટ્રલ ટ્રસ્ટને ભારત સરકાર દ્વારા આ ક્ષેત્રમાં પહેલ કરી ઝુંબેશ શરૂ કરવા અપાયેલા આદેશને આભારી છે.

ભગવાનશ્રી સત્ય સાઈ બાબાના આશીર્વાદ પ્રાપ્ત કરવા, ટ્રસ્ટના ટ્રસ્ટીઓ શ્રી રત્નાકર અને શ્રી નાગાનંદે ભગવાન શ્રી સત્ય સાઈની દુરંદેશીતા પર આધારિત આ યોજના, વિશાળ બહુમતિ ધરાવતા દિવ્યાંગ બાળકોને મદદ મળી રહે તે હેતુથી શરૂ કરવામાં આવી હોવાનું જણાવ્યું. શ્રી એસ.એસ.નાગાનંદ, ટ્રસ્ટી, શ્રી સત્ય સાઈ સેન્ટ્રલ ટ્રસ્ટે જણાવ્યું કે, ભગવાન શ્રી સત્ય સાઈ બાબાએ તેમના ૮૫ માં જન્મ દિને દેશના તમામ વિદ્યાર્થીઓ, મુલ્યનિષ્ઠ કેળવણી, સોશ્યલ મીડીયા દ્વારા ભાગ લઈ શકે તે માટે શ્રી સત્ય સાઈ વિદ્યા વાહિનિ કાર્યક્રમનું ઉદ્દઘાટન કર્યું હતું. તેમણે આશા રાખી કે આ કેળવણીની શરૂઆતથી તમામ વિદ્યાર્થીઓ તેમની આ યોજનાના અભિન્ન અંગ બની રહેશે સાથે સાથે જે વિદ્યાર્થીઓ માનસિક કે શારીરિક રીતે સક્ષમ નથી અને કેળવણીથી વંચિત રહી ગયા છે તેઓ પણ ઉત્સાહપૂર્વક ભાગ લઈ શકશે અને જ્ઞાન પ્રાપ્ત કરી શકશે.

ત્યાર બાદ શ્રી સત્ય સાઈ વિદ્યા વાહિનિના નિર્દેશક શ્રીમતિ કરુણા સરૂપ મુન્શીએ આ યોજનાના વિવિધ પાસા પર પ્રકાશ ફેંકી તે અંગે પૂરી સમજ અને જાણકારી આપી. વૈશ્વિકભાત પર આધારિત આ યોજનાઅંતર્ગતવિશિષ્ટ માનસિકતા ધરાવનાર તથા ક્ષતિગ્રસ્ત માનસિકતા ધરાવનાર વિદ્યાર્થીઓ એક જ વર્ગમાં એક સાથે અભ્યાસ કરી શકશે અને આ યોજનાનો પૂર્ણ લાભ લઈ શકશે. તેમણે દેશના શિક્ષણ શાસ્ત્રીઓ, લેખકો, ચિકિત્સકો, મલ્ટી મીડીયા નિષ્ણાંતો અને દેશનાઈજનેરોને આ યોજના અંતર્ગત જોડાવા તથા પોતાનું વિશિષ્ટ યોગદાન આપવા આગ્રહભરી વિનંતી કરી. દિવ્યાંગ બાળકોને સહાય આપવા આ યોજના અતિ

અગત્યતા ધરાવે છે તેવું તેમણે ભારપૂર્વક જણાવ્યું. સાથે સાથે સમાજમાટે પણ સ્વેચ્છાપૂર્વક પોતાનું યોગદાનઆપવા જણાવ્યું. યોજનાને આમજનતા સમક્ષખુલ્લી મૂકતા તેઓએ જણાવ્યું કે આ યોજનામાંભણવું-ભણાવવું સંપૂર્ણ રીતે મફત રહેશે. ભારત સરકારની પોર્ટલ દીક્ષા અંતર્ગત તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો, માતા-પિતા અને અન્ય આ યોજનાનો ભાગ બની શકશે અને લાભ લઈ શકશે.

શ્રી સૌરવ સકસેના શ્રી સત્ય સાઈ ઈન્સ્ટીટ્યુટ ઓફ હાયર લર્નીંગના ભૂતપૂર્વ વિદ્યાર્થીએ જણાવ્યું કે આ યોજના દિવ્યાંગ બાળકો માટે મહત્વની બની રહે છે. દિવ્યાંગ બાળકોના મુંઝવતા પ્રશ્નોને સ્પર્શે છે, તેઓના દુઃખ-દર્દને ઓછા કરીશકશે. તેઓના ગુસ્સો, હતાશા, નિરાશા વગેરે દૂર કરી શકશે. જે તેઓના માતા-પિતાની આજની તાતી જરૂરિયાત છે. ડૉ. (શ્રીમતિ) શ્રીવદ્યા શ્રીધરએ જણાવ્યું કે આ યોજનાનો ઉદ્દેશ દરેક બાળકને શક્ય તેટલી મદદ કરવાનો છે. ખાસ કરીને શિક્ષણના ક્ષેત્રમાં, કારણ તેઓ શારીરિક કે માનસિક ક્ષતિને કારણે શિક્ષણથી વંચિત રહ્યા છે. જે બાળકો સિમેન્ટ ક્રોંક્રિટની શાળામાં શિક્ષણ લઈ શક્યા નથી તેઓ માટે શિક્ષણ ઉપલબ્ધ કરી તેમને જરુરી મદદ કરી શકાય. તેમણેરસધરાવતા તમામવર્ગના અને સ્તરનાલોકોને વિનંતી કરી કે આએક ઉમદા સેવાનુ નવું જ ક્ષેત્રછે અને તેમાં જોડાવા માંગતા સૌને volunteer.iep@sssvv.org પર ઇ-મેઈલ કરવા જણાવ્યું.

આ બુદ્ધિ ચાતુર્યની વાત બાદ સ્વયંસેવકોની હેન્ડબૂક ખુલ્લી મૂકવાની વિધિ યોજવામાં આવી. વીડીયો દ્વારા યોજનાની શક્યતાઓ અને લાક્ષણિકતાઓ કેવી રીતે આગળ વધારી શકાય તે અંગે દર્શાવવામાં આવ્યું. ત્યાર બાદ ભગવાનના દિવ્ય સંભાષણ દ્વારાભક્તોને આશિર્વાદ આપવામાં આવ્યા. મકર સંક્રાંતિના પવિત્ર પર્વનું આંતરિક હાર્દ અને સૌંદર્ય અંગે આ સંભાષણમાં ભગવાને જણાવ્યું કે આ પર્વ માત્રસૂર્યનું ઉત્તર તરફનું ગમન દર્શાવતું નથી, બલ્કે સમસ્ત માનવજાતને આંતરિક માર્ગ તરફનું પ્રસ્થાન પણ દર્શાવે છે. આ અંદર તરફની યાત્રા મુક્તિ અને આંતરિક શિક્ષણને ખિલવા તરફ પણ નિર્દેશ કરે છે.

ત્યાર બાદ ભજન ગાવામાં આવ્યા. આરતી સાથે જ આ પવિત્ર તહેવારની ઉજવણીને સુખદ વિરામઆપવામાં આવ્યો.

## અમલમાં મૂકયા વિના માત્ર ભણ્યા કરવું, એ નકામું છે.

તમે જાણતા હશો કે રાવણ એક મહાન જ્ઞાની હતો. એણે ચારેય વેદ અને છ શાસ્ત્રો પર સિદ્ધિ મેળવી હતી. આ બધા શાસ્ત્રોનું જ્ઞાન હોવા છતાં એનામાં કોઈ પણ પરિવર્તન થયું? ના. દૈવત્વ કેળવવાને બદલે એણે દાનવત્વ જ વધારે ખીલવ્યું. રાવણના દસ માથાં, તે ચાર વેદ અને છ શાસ્ત્રના પ્રતીક છે. રામે રાવણના દસેયમાથાં છેદી નાખ્યાં કારણ કે મેળવેલા જ્ઞાનનો એણે ક્યારેય જીવનમાં ઉપયોગ કર્યો નહિ. માત્ર પવિત્રગ્રંથો વાંચીને અને વેદોના ઉચ્ચાર કર્યે રાખવાથી કંઈ પરિવર્તન આવતું નથી. રાવણના બધા માથા વાઢી નાંખીને રામે આ સત્ય દુનિયા સામે રજુ કર્યું. રાવણને કંઈ ખરેખર દસ માથા નહોતા. વાસ્તવમાં, ચાર વેદો અને છ શાસ્ત્રોજ એના દસેય માથા હતા. રામે જે ભાવાર્થ છતો કર્યો એનો અર્થ એ જ થાય કે માત્ર જ્ઞાન ઉપાર્જિત કરવાથી ખાસ ફાયદો થતો નથી. ઈશ્વર જે કાંઈ જ્ઞાન આપે છે તે માનવજાતના ફાયદા અને ભલા માટે હોય છે. વેદોમાંના ઉપદેશમાંથી એકાદ પણ અમલમાં મૂકો તો પૂરતું છે. અમલમાં ન મૂકો તો એ બધું જ્ઞાન વ્યર્થ છે. રાવણ છેલ્લે જ્યારે મરવા પડ્યો હતો ત્યારે એને આ વાતનું ભાન થયું. પછી જ એને પોતાની ભૂલ સમજાઈ અને એનો પશ્ચાતાપ થયો. પ્રમાણિક રીતે પશ્ચાતાપ કરવાથી જ એને શુદ્ધિ પ્રાપ્ત થઈ ને એ પાવન થયા.

**- ભગવાન શ્રી સત્ય સાઈ બાબા**

(સાઈ કુલવન્ત હૉલમાં ૬ સપ્ટેમ્બર ૨૦૦૪ ના જન્માષ્ટમી પ્રવચનમાંથી)



Publication Date : 20/02/2022
Annual Subscription Rs. 100/- PER YEAR
NUMBERING OF PAGES - 36

# સનાતન સારથિ

Date of Posting 20th every month
Validity of Licence 31/12/2023
RNI Regd. No. : 64353 / 96
P.O. Regd. No. VDR-E/359/2021-2023
Place of Posting - Vadodara (H.O.)



## સમત્વભાવ અને શાંતિ કેળવો

શુદ્ધ પાણીના વિશાળ પટને લઈને આવતા વાદળો, પાણી વરસાવે છે ત્યારે એ જમીન પર પડે છે ને પાણી ગંદુ (ડહોળું) થાય છે એ માટે વાદળોને વખોડશો નહીં. કોઈનોય વાંક-કાઢવો-વખોડવું એ અન્યાયભર્યું, અમાનવીય અને ખોટું છે. મારો પોતાનો દાખલો લો. મારા કોઈ વખાણ કરે તો હું ક્યારેય રાજી-રાજી થઈ જતો નથી કે નથી હું ચિંતા કરતો જ્યારે મારું કોઈ અપમાન કરે છે. મારા આશય અને મર્મ વિશે ખૂબ જ થોડા લોકોને ખાતરી થઈ છે પણ હું ચિંતા નથી કરતો. મારામાં જે નથી તે મારામાં આરોપિત કરવામાં આવે તો મારે શા માટે ચિંતા કરવી? અને જે મારામાં છે તેની રજૂઆત કરવામાં આવે તો મારે શા માટે રાજી-રાજી થવું જોઈએ.

-ભગવાન શ્રી સત્ય સાઈબાબા

પોસ્ટ
સ્ટેમ્પ

**કાર્યાલય : સનાતન સારથિ**
સતીશ એમ. બોડીસ
"સાઈ આશિષ" એ-૧, ડોમ્નીકલ્ કોલોની,
સાઈ મંદિરની પાસે, માંજલપુર, વડોદરા - ૩૯૦ ૦૧૧.
મો.: ૯૮૨૭૬ ૧૯૯૫૩

**મુદ્રક : શ્રેયાંશ ગ્રાફીક્સ**
શાંતિ ચેમ્બર્સ, પ્રતાપનગર રોડ, વડોદરા.